Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન સત્ય પ્રકાશ

તંત્રી
ચીમનલાલ ગોકળદાસ શાહ

વર્ષ ૧૧ : અંક ૬ ] અમદાવાદ : ૧૫-૩-૪૬ [ ક્રમાંક ૧૨૬

## વિ ષ ય - દ ર્શ ન


૧ तत्त्वामृतभावना : पू. आ. म. श्री. विजयपद्मसूरिजी : ટાઇટલ પાનું ૨-૩
૨ બે હોરી-કાવ્યો : પૂ. મુ. મ. શ્રી. ધુરંધરવિજયજી : ૧૬૧
૩ કેટલાંક પ્રાચીન સ્થાનો : પૂ. મુ. મ. શ્રી. ન્યાયવિજયજી : ૧૬૨
૪ મહુધાના ગાંધીના દેરાસરમાંનાં તીર્થંકર પ્રભુનાં તેર સુંદર ચિત્રો : શ્રી. ચીમનલાલ લલ્લુભાઇ ઝવેરી : ૧૬૫
૫ આપણાં 'ફાગુ' કાવ્યો : પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડીયા : ૧૬૯
૬ સંક્ષિપ્ત શંખામ્નાય : પૂ. ઉ. મ. શ્રી. સિદ્ધિમુનિજી : ૧૮૫
૭ શિવજહાજ-તીર્થાધિરાજ : પૂ. મુ. મ. શ્રી. મહિમાપ્રભવિજયજી : ૧૮૭
૮ निर्भ्रान्त-तत्त्वालोक : पू. मु. म. श्री. वल्लभविजयजी : ૧૮૮
૯ नडियादके प्रतिमा लेखोंके स्पष्टीकरणकी कुछ भ्रामक बातें : श्री. अगरचंदजी नाहटा : ૧૯૨
૧૦ મુનિશ્રી હર્ષવિજયજી વિરચિત શીલની સજ્ઝાય : પૂ. મુ. મ. શ્રી. રમણિકવિજયજી : ટા.-૩



## જોઈએ છે—

'શ્રી જૈન સત્ય પ્રકાશ'ના સંપાદનનું અને કાર્યાલયના સંચાલનનું કામ સંભાળી શકે તેવા જૈન શ્વે. મૂ. વ્યવસ્થાપકની જરૂર છે. કામ કરવાની ઇચ્છાવાળાએ નીચેના ઠેકાણે વિગતવાર અરજી કરવી.

શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ, જેશિંગભાઈની વાડી, ઘીકાંટા, અમદાવાદ.


લવાજમ-વાર્ષિક બે રૂપિયા : છૂટક ચાલુ અંક-ત્રણ આના

ACHAR... KAILASSAGARSURI GYANMANDIR
SHREE ... JAIN ARADHANA KENDRA
Ko... ...dhinagar - 382 007.
Ph. : (07...) ...2, 23276204-05
Fax : (079) 23276249

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# तत्त्वामृतभावना

कर्त्ताः—पूज्य आचार्य महाराज श्रीविज्ञयपद्मसूरिजी

( अनुष्टुब्वृत्तम् )

प्रणम्य स्तंभ ार्थीशं नेमिसूरीश्वरं मुदा । कुर्वे स्वान्योपकाराय श्रीतत्त्वामृतभावनाम् ।१।
उन्मीलिता ऽऽत्मदृष्टिर्मे श्रीजिनेन्द्रप्रसादतः । विभावतिमिरं नष्टं तद्ध्यानंद्वासरः ।२।
फलितो धर्मकल्पद्रुः प्रसन्नाः परमेश्वराः । यतोऽयात्मगुणारामे विहरामि प्रमोदतः ।३।
दर्शनज्ञानचारित्राराधनोत्साहदायकाः । सांनिध्याधायकास्तत्र ये वंदे तानहर्निशम् ।४।
स्वभावात्परनिष्ठासद्दोषान्पश्यन्ति ये सदा । मध्यस्थभावना तेषु द्वेषलेशोऽपि नास्ति मे ।५।
समीहे भद्रमेतेषां सद्दोषोच्चारकारिणाम् । मत्त्रोपकृतिमातन्वे दोषशुद्धिं हितावहाम् ।६।
स्वचिंता हितदा तथ्या परचिंता न शांतिदा । उभयोर्हन्ति भद्रं सा तत्सृतं परचिंतया ।७।
एकोऽहं नास्ति मे कश्चिन्नाप्यहं कस्यचिद्भवे । यन्मदीयं च मालिन्यं तज्ज्ञेयं कर्मबंधनैः ।८।
रागद्वेषाविति प्रोक्ते कर्मबंधनकारणे । सरलत्वतोषतः शीघ्रं नश्यते रागबंधनम् ।९।
क्षमानम्रत्वहेतुभ्यां द्वेषनाशो भवेद्ध्रुवम् । रागद्वेषविहीनात्मा नमस्यार्हः फलप्रदः ।१०।
ज्ञानदर्शनचारित्रैर्युतोऽहं शाश्वतः सदा । द्रव्यार्थिकेन चानित्यः पर्यायास्थितिभावतः ।११।
देहे वर्णादयो धर्मा नैते वर्त्तन्त आत्मनि । तस्मान्नैक्यं द्वयोरेवमुच्चरंति मनीषिणः ।१२।
मया संयोगजन्याऽऽप्ता दुःखश्रेणिर्भवे भवे । तेन संयोगसंसर्गं व्युत्सृजामि त्रिधा मुदा ।१३।
संसारे ममताहेतुः संयोगः परिहारतः । तस्य सौख्यं भवेत्सत्यं प्रशमादिसमन्वितम् ।१४।
कदाऽहं समतालीनः सर्वोपाधिविवर्जितः । तीर्थकृद्ध्यानसंपन्नः भविष्यामि प्रमोदभाक् ।१५।
कोऽहं किं मे कथं वर्त्तेऽधुना मे कीदृशी स्थितिः कः कालः कीदृशं क्षेत्रमित्यालोचयति प्रधीः ।१६।
मेऽधुना मानसे कीदृग् भाव आत्महितं कियत् । कृतं मयाऽवशिष्टं च किमेतदवधारयेत् ।१७।
अनंतशक्तिसंपन्नोऽप्ययमात्मा विमोहतः । भजते विविधं भावं संसाराखेटकेऽनिशम् ।१८।
जीव ! जानीहि खल्वस्मादधमान्मोहपाशतोऽ । नन्ताङ्गिनो नारकत्वं प्राप्तास्तत्त्यागतो सुखम् ।१९
महापुण्योदयेनाप्तो नृभवो देवदुर्लभः । गतक्षणार्पणे नैव कोऽपि शक्तो धनैरपि ।२०।
आसन्नसिद्धिकास्तत्र लभन्ते धर्ममार्हतम् । यत्प्रभावेण सिद्ध्यंति सिद्धाः सेत्स्यन्ति भाविनः ।२१।
नेहे विधर्मसाम्राज्यं रंकत्वं धर्मसंयुतम् । वरं मन्ये यतो नाशः तस्य स्याद्धर्मसाधनात् ।२२।
जीव ! केशाः सिता जाता न जाता मतिशुक्लता । विषयेषु कषायेष्वासक्तिस्तन्मोहजृंभितम् ।२३।
त्यक्त्वा तान्विषयादीन्ये सिंहशूराः समाश्रिताः । सत्संयमं बाल्यकाले वंदे तत्पादपङ्कजम् ।२४।
संजातस्य ध्रुवं मृत्युः चारित्रोत्कर्षशालिनाम् । प्रशस्यं मरणं प्रोक्तं सर्वगोत्कर्षभूषितम् ।२५।
पावनं शासनं जैनं पावनाशयशालिनः । समाराध्य समीहन्ते भावतस्तद्भवे भवे ।२६।

( અનુસંધાન ટાઈટલ ત્રીજા પાને )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ अर्हम् ॥
अखिल भारतवर्षीय जैन श्वेताम्बर मूर्तिपूजक मुनिसम्मेलन संस्थापित
श्री जैनधर्म सत्यप्रकाशक समितिनुं मासिक मुखपत्र

# श्री जैन सत्य प्रकाश

जेशींगभाईकी वाडी : घीकांटारोड : अमदावाद (गुजरात)

| | | |
|---|---|---|
| वर्ष ११ | વિક્રમ સં. ૨૦૦૨ : વીરનિ. સં. ૨૪૭૨ : ઈ. સ. ૧૯૪૬ | क्रमांक |
| अंक ६ | ફાગણ શુદિ ૧૩ : શુક્રવાર : ૧૫ મી માર્ચ | १२६ |


## બે હોરી–કાવ્યો

સંગ્રાહકઃ—પૂજ્ય મુનિમહારાજ શ્રી જ્ઞાનવિજયજી (ત્રિપુટી)

### [૧] શત્રુંજય તીર્થની હોરી

ચાલો સખી સેત્રુંજા ગિરિ જઈએ, રંગભર ખેલીએ હોરી;
સીથેં સેંદૂર ને વેણુ સમારી, પેહેરણુ ચરણુ ચોલી. ચાલો૦ ૧
એક એકનો પાલવ ગ્રહીને, પટકલ બાંધે નાલી;
એક એક સું કરે રે મલકડાં, હસી હસી દેવત તાલી. ચાલો૦ ૨
ચતુરા નારિ ચંગ બજાવે, એક બજાવે કંસારી;
એક સુધ વસંત આલાપે, જિનગુંણુ ગાતિ રસાલી. ચાલો૦ ૩
ચૂવા ચંદન ઔર અરગજા, છાંટે કેસર ઘોલી;
એક હરી અબિલ ઉડાવે, લાવે ભર ભર જોલી. ચાલો૦ ૪
વસંત રિતુ સેત્રુંજાગિરિ પ્રગટયો, કુલ્યો ફાગુણ માસ;
રૂપવિબૂધનો મોહન પભણે, જનમ જનમ તોરો દાસ. ચાલો૦ ૫

### [૨] નેમનાથ ભગવાનની હોરી

નવલ વસંત નવલ મલી ગોપી, નવલ નેમ ખેલે હોરી;
ભરી પીચકારિ નિર ઉછાલે, મલિ મલિ જાદવ ટોલી. નવલ૦ ૧
કુલમાલ લેઈ કંઠે ઠાવે, છાંટે કેસર ઘોલી;
તો બિ નેમ ન ભિંજે દિલશું, ગોપી રહે કર જોરી. નવલ૦ ૨
બાઈ ભાઈ ચલે ગિરનારે, નેમજિકિ જાંન સજોરી;
પસુ પોકાર સુંણિ રથ ફેરી, નવ ભવ નેહકું તોરી. નવલ૦ ૩
રાજુલ તતખીણુ મુરછાંણી, કાં નેમ કાં નેમ છાંડી;
નેમજીએ રાજુલ સમજાવી, વસ કીધી સીવ નેમેં. નવલ૦ ૪
નેમ રાજુલ દોનું સીવપદ પાએ, કરમ કઠીન સબ તોરી;
જય જયકાર હૂવા સબ જગમેં, જન કહે વંદના મોરી. નવલ૦ ૫

આ બન્ને હોરીઓ શ્રીચારીત્રવિજયજીજ્ઞાનભંડારની હસ્તલિખિત પ્રતિના આધારે અહીં આપી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# કેટલાંક પ્રાચીન સ્થાનો

લેખક:—પૂજ્ય મુનિમહારાજ શ્રી ન્યાયવિજયજી (ત્રિપુટી)

આ વખતના વિહારમાં આવેલાં કેટલાંક પ્રાચીન સ્થાનોનો ટૂંક પરિચય અહીં આપું છું—

**શંતેજ**—આ સંબંધી વિગતવાર વર્ણન મેં ગત વર્ષના 'જૈન સત્ય પ્રકાશ'ના અંકોમાં આપ્યું છે. અહીં શ્રીનેમિનાથજીનું ભવ્ય બાવન જિનાલયનું મંદિર છે. બારમી તેરમી સદીના લેખ મળે છે—આ સ્થાનના જીર્ણોદ્ધાર પછી જે પરિકરોમાં ઘણી ઐતહાસિક માહીતી આપનારા શિલાલેખો હતા, તે પ્રાચીન પરિકરો અન્યત્ર લઇ જવામાં આવ્યાં છે. મંદિર ભવ્ય અને સરસ છે. પાસે જ મોટી ધર્મશાળા છે. યાત્રિકોને બધી અનુકુલતા મળે છે. આ વખતે અમારી સાથે પચાસેક માણસોનો નાનકડો સંઘ પણ આવ્યો હતો. ભોયણી આવનાર દરેક જૈન યાત્રિકે આ પ્રાચીન સ્થાનની યાત્રાનો લાભ અવશ્ય લેવા જેવું છે. શાંતિનું સ્થાન છે.

આ વખતે અહીં એક મહાત્મા મળ્યા, તેમણે જણાવ્યું કે આ તો પ્રાચીન રત્નાવતી નગરી છે. ચંદરાજા અહીં દર્શન કરવા આવતો અને અહીંનું પ્રાચીન ભોંયરું પણ એ જ સૂચવે છે. આ ભોંયરું ઠેઠ પાટણ મોંઢેરા જાય છે. તેમ જ અહીંથી પ્રાચીન મોટી મોટી ઇંટો વગેરે નીકળે છે, વગેરે ઐતિહાસિક શોધખોળ કરવા ઇચ્છનાર મહાનુભાવોએ આ સ્થાનનું બારીક નિરીક્ષણ કરી, ભોંયરા વગેરેની દંતકથાઓને ઇતિહાસની કસોટીએ કસી સત્ય હકીકત બહાર મૂકવાની જરૂર છે. અહીંથી અમે આવ્યા મોંઢેરા.

**મોંઢેરા**—આ તો આત પ્રાચીન સ્થાન છે, અને એ સંબંધી ઘણું લખાયું છે. આમરાજા પ્રતિબોધક જૈનાચાર્ય શ્રી બપ્પભટ્ટીસુરિની ગાદીનું આ પ્રાચીન સ્થાન છે. તેઓ પોતાની વિદ્યાના બળે પાંચ તીર્થોની યાત્રા કરતા તે પૈકીનું આ એક છે. આનું પણ હું સંક્ષિપ્ત વિવેચન "જૈન સત્ય પ્રકાશ" ના અંકોમાં આપી ગયો છું એટલે વધુ પુનરુક્તિ નહિ કરું. આ વખતે અહીંના ગામ બહારના પ્રાચીન મંદિરના નિરીક્ષણમાં તેની છતની કોરણી બહુ જ બારીક છે અને તેમાં કુંભારીયાજી[1]ના મંદિરની કોરણીમાં એક વિભાગમાં નેમ રાજુલની જાનના પ્રસંગો આપ્યા છે તેના જેવું દેખાયું. અમારી સાથેના મુનિ મહાત્માએ પણ એ જ કહ્યું. એટલે આ જૈન મંદિર છે, એમાં તો સંદેહ નથી જ. એક બીજું સબળ કારણ પણ સાંભળ્યું કે મંદિરની સામેના કુંડના પાણીની શુદ્ધિ માટે ખોદાણ કરાવતાં માટી બહુ નીકળ્યા પછી એક તરફનો ભાગ નમી જતાં નીચે પ્રાચીન જૈન મૂર્તિઓ ત્યાંના કાર્યવાહક બન્ધુએ જોઈ; જોતાં એમને લાગ્યું

---

૧ મંદિરની ચોતરફ બહારના ભાગનાં પ્રાચીન પૂતળાંમાંથી જે સારાં અને અખંડિત હતાં તેને ઉતારી એકની હનુમાનજી તરીકે પૂજા થવા માંડી છે; એકની સીતારામ તરીકે પૂજા થવા માંડી છે, એકની વળી વિષ્ણુ અને સૂર્યરૂપે ઉપાસના થવા માંડી છે, પરન્તુ વાસ્તવિક રીતે જોતાં નથી તો એ હનુમાનજી કે રામચંદ્રજી, નથી વિષ્ણુ કે સૂર્ય; માત્ર ઘણાં જૈન મંદિરોમાં બહારના ભાગમાં વિવિધ આકૃતિવાળાં પૂતળાં હોય છે તે પૈકીનાં જ આ પૂતળાં છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કે જો આટલી બધી જૈન મૂર્તિઓની મોંઢેરાના જૈન મહાજનને ખબર પડશે તો તે મેળવવા પ્રયત્ન કરશે, કદાચ મંદિર પણ પોતાનું છે એમ અલ્પ પ્રયત્ને સિદ્ધ કરશે; એમ લાગવાથી એ મહાનુભાવે તરત જ ત્યાં માટી નંખાવી એ ખોદાણ પુરાવી દીધું. અને ઉપર પણ ચણાવી લીધું. ત્યાર પછી થોડા દિવસે ત્યાંના શેઠને કહ્યું કે આ કુંડ ખોદાવતાં અંદર તમારા ભગવાનની મોટી મૂર્તિઓ હતી પણ તમારા કામની નથી એમ ધારી મેં બધું પુરાવી લીધું. કહે છે કે આખી ચોવિશી અંદર છે. હવે તો ભવિષ્યમાં આવા પ્રસંગે સાવધાની રાખી મોઢેરાના જૈનો મૂર્તિઓ બહાર કઢાવે તો જરૂર સારો લાભ થાય તેમ છે. અહીં ગામ બહાર પ્રાચીન ટીલા, ખંડિયેરો ઘણા છે અને બે હજાર વર્ષની પુરાણી ઈંટો પણ દેખાય છે. મોંઢેરાથી અમે ગાંભુ આવ્યા.

**ગાંભુ**—આ સ્થાન પણ ખૂબ જ પ્રાચીન છે. આચારાંગસૂત્રની શીલાંકાચાર્યે બનાવેલી મોટી ટીકા જે "**गांभुता ग्रामे**" બનાવી તે આ જ સ્થાન છે. તેમજ ગુજરાતના મંત્રીશ્વર, આબુનાં જગત્પ્રસિદ્ધ મંદિરોના નિર્માતા વિમલ મંત્રીના પૂર્વજો[2] ભિન્નમાલથી અહીં ગાંભુ આવેલા તે આ નગર છે. અહીંથી જ તેઓ પાટણ ગયા અને યશ, કીર્તિ, ધન અને ધર્મભાવના કમાયા. આ ગાંભુમાં પ્રાચીન શ્રી ગંભીરાપાર્શ્વનાથજીની ભવ્ય મૂર્તિ બિરાજમાન છે. જેથી ગંભીરાપાર્શ્વનાથના પ્રાચીન તીર્થ તરીકે આ સ્થાન પ્રસિદ્ધ છે. અહીં સુંદર જિનમંદિર છે. ઉપર અને નીચે બન્ને માળમાં પ્રાચીન ભવ્ય અને પરમ દર્શનીય વિશાલ જિનમૂર્તિઓ છે. ઓછામાં ઓછાં હજાર વર્ષથી વધુ પ્રાચીન જિનમૂર્તિઓ છે, એમાં તો સંદેહ જ નથી. "અમીયભરી મૂર્તિ રચી રે ઉપમા ન ઘટે કોય" આવી સુંદર જિનમૂર્તિઓ છે.

આજે ઘણા મહાનુભાવો પ્રાચીન કળાનાં દર્શન કરવા માંગે છે તેમને મારી ખાસ ભલામણ છે કે આ ભારતીય પ્રાચીન જૈન કળાના અપૂર્વ નમુનારૂપ જિનમૂર્તિઓનાં જરૂર દર્શન કરે; ઇલોરા અને અજંતાની બૌદ્ધ કળા અને મરોડને પણ ટક્કર મારે તેવી મરોડદાર આકૃતિઓ પરિકરમાં બહુ જ સુંદર દેખાય છે. મુમુક્ષુ[3] ભાવિક આ સ્થાનના દર્શન કરી આત્મિક લાભ જરૂર મેળવે. અહીંથી અમે વડાવલી ગયા.

**વડાવલી**—આ વડાવલી એ જ છે કે જ્યાં જગદ્ગુરુ શ્રી હીરવિજયસૂરીશ્વરજીના ગુરુદેવ શ્રી વિજયદાનસૂરિજી સ્વર્ગસ્થ થયા હતા. શ્રી વિજયહીરસૂરીશ્વરજી સમ્રાટ અકબરને પ્રતિબોધવા જતાં પહેલાં અહીંજી ગુરૂદેવની પાદુકાઓનાં દર્શન કરવા આવ્યા હતા અને પછી આગળ વધ્યા હતા. અત્યારે અહીં એ સ્થાન તો લગભગ તદ્દન ભુલાઈ ગયા જેવું છે. પ્રાચીન મંદિર અને પ્રાચીન ઉપાશ્રય છે. શ્રી હીરસૂરિજી મહારાજ અહીં અમુક સમયે કેટલોક વખત રહ્યા પણ હતા એમ કહેવાય છે. પાછળથી અહીં યતિપુંગવોની ગાદી પણ હતી, પુસ્તકભંડાર પણ હતો. પણ એ બધું આજે ભૂતકાળની વાતોમાં જ જળવાઈ

---

૨ કવિવર શ્રી લાવણ્યસમયે વિમલપ્રબંધમાં આ ઉલ્લેખ કર્યો છે અને ગાંભુ પણ આપ્યું છે.

૩ આ પ્રાચીન મૂર્તિઓ સંપ્રતિ મહારાજાના સમયની હોય એમ પણ કહેવાય છે પાછળના ટેકા અને શ્રી ઋષભદેવ ભગવાનની મૂર્તિની રચનાની વિશેષતા આના પુરાવારૂપ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહ્યું છે. અમને એમ લાગ્યું કે ગામ બહારની જે અમુક દેરીઓ છે તેમાં કોઈક સમાધિ-સ્થાન હોવું જોઈએ. અહીંનું મંદિર સુંદર છે. મૂર્તિઓ પ્રાચીન અને દર્શનીય છે. ધાતુ મૂર્તિઓ ઉપર લેખો પણ છે. પરંતુ અમે સાંભળ્યું કે-ઈતિહાસપ્રેમી મુનિમહારાજ શ્રી જયન્તવિજયજી મહારાજ અહીંના લેખો લઈ ગયા છે એટલે એ માટે પ્રયત્ન ન કર્યો. અહીં મોઢેરા કે ગાંભુ જેવી પ્રાચીનતા નથી જણાતી. અહીંથી અમે ચાણસ્મા આવ્યા.

**ચાણસ્મા**—અહીં શ્રી ભટેવા પાર્શ્વનાથજીની નાની અને નાજુક જિનમૂર્તિનાં દર્શન કર્યાં. મૂર્તિ ખૂબ જ પ્રાચીન હોવા છતાં ક્યાંય ઘસાઈ નથી તેમજ નિર્માતાએ રજુ કરેલી ભવ્યતા, પ્રૌઢતા અને વીતરાગતા અત્યારે પણ દર્શકને આકર્ષે છે. પરમ શાંત, વૈરાગ્યવાહિ મુખારવિંદ અને અમી વર્ષાવતાં એ નેત્રકમલો પરમ આહ્લાદ આપે છે. અહીંનું વર્ણન ગયે વર્ષે જ 'જૈન સત્ય પ્રકાશ'માં આપી ગયો છું એટલે વધુ નથી લખતો. અહીંથી અમે કંબોઈ તીર્થમાં આવ્યા.

**કંબોઈતીર્થ**—અહીં શ્રી મનમોહન પાર્શ્વનાથજીનું પ્રાચીન તીર્થ છે. આ તીર્થ-સ્થાનનો જીર્ણોદ્ધાર ગયે વર્ષે અમે અહીં આવ્યા ત્યારે પૂ. પા. શ્રી દર્શનવિજયજી (ત્રિપુટી) મહારાજશ્રીના સદુપદેશથી શરૂ થયો છે. નવી કમિટી સ્થપાઈ છે. આ તીર્થના ઉદ્ધાર માટે કમિટીના પ્રમુખ શેઠ લાલભાઈ લહેરા ઉત્સાહપૂર્વક પ્રયત્ન કરી રહ્યા છે. તેમનો અતીવ આગ્રહ છે કે આપના ઉપદેશથી શરૂ થયેલ જીર્ણોદ્ધારની પ્રતિષ્ઠા પણ આપના હાથથી જ થાય, કિન્તુ અમારે દૂર જવાનું હોવાથી અને જીર્ણોદ્ધારનું કાર્ય હજી ઘણું બાકી હોવાથી અમે તો આગળ જઈએ જ છીએ. જીર્ણોદ્ધારના કાર્યમાં ઉપયોગી સૂચનાઓ આપી જ છે. અહીં નવીન ધર્મશાળા માટે જમીન લેવાઈ છે. ઓરડાઓ માટે મદદ પણ મલી છે. અને જીર્ણોદ્ધારનું કાર્ય ચાલુ છે. દરેક ભાવિક જૈનોએ આ પ્રાચીન તીર્થના ઉદ્ધારમાં પોતાની શક્ત પ્રમાણે લાભ લેવાની જરૂર છે. યાત્રિકો માટે બધી સગવડ છે તેમજ ભોજનશાળાનો પ્રયત્ન શરૂ થઈ ગયો છે. શ્રી મનમોહન પાર્શ્વનાથજીની પ્રાચીન મૂર્તિ દર્શનીય અને પરમ આહ્લાદક છે. એનું કળામય નવીન પરિકર તૈયાર થઈ રહ્યું છે.[૪]

આ બાજુનાં આવાં પ્રાચીન ઐતિહાસિક સ્થાનોની વિશેષ શોધખોળની જરૂર છે. પ્રાચીન ગુજરાતની અસ્મિતા અને ભવ્યતાનાં પ્રતિકસમાં ગુજરાતના મહાન જ્યોતિર્ધરો ગુર્જરેશ્વરો-મંત્રીશ્વરોની અને સેનાધિપતિઓ-કવિઓ-વિદ્વાનોની જન્મભૂમિઓ વર્તમાન ગુજરાતીઓની રાહ જૂવે છે કે ગુજરાતના ગૌરવની આ જીવંત ભૂમિકાઓને પ્રસિદ્ધિના ચોકમાં લાવી, **जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसि** ને ચરિતાર્થ કરી બતાવે અને પ્રાચીન ગુજરાતના ગૌરવસ્થાનોનો ઉદ્ધાર કરાવે.

---

૪. અહીંના એક શિવાલયના ભોંયરામાં પ્રાચીન જૈન કાઉસ્સગ્ગીયા હતા. શ્રીયુત અજમેરાજીના શબ્દોમાં કહું તો બે હજાર વર્ષની જૂની મૂર્તિ-કાઉસ્સગ્ગીયા છે, હવે ગયા વર્ષે અમે આ જોયાં હતા જેનો ઉલ્લેખ હું મ્હારા લેખમા કરી ગયો છું. પરંતુ આ વર્ષે એ કાઉસ્સગ્ગીયા નથી; શિવાલયનો જીર્ણોદ્ધાર કરાવનાર બાવાજીએ એ પ્રાચીન જૈન કાઉસ્સગીયાની મૂર્તિને ભોંયરામાં ભંડારી દીધી છે, બસ આમ જ આપણું પ્રાચીન અમૂલ્ય ધન બરબાદ થાય છે. જૈનોએ એક સારૂં સંગ્રહસ્થાન કરી આવી પ્રાચીન સંગ્રહ યોગ્ય મૂર્તિઓને સંગ્રહવાની જરૂર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મહુધાના ગાંધીના દેરાસરમાંનાં
# તીર્થંકરપ્રભુનાં તેર સુંદર ચિત્રો

લેખકઃ—શ્રીયુત વૈદ્ય ચીમનલાલ લલ્લુભાઈ ઝવેરી, મહુધા

અહીં જે ૧૩ ચિત્રોનું વર્ણન રજુ કરવામાં આવે છે તે ચિત્રો પ્રાચીન હોઈ, મહુધાના શ્રીગાંધીના દેરાસરનામે પ્રસિદ્ધ દેરાસરમાં, કાચમાં મઢાવી રાખવામાં આવ્યાં છે.

**૧ ધર્મનાથ**—આ ચિત્રની આસપાસ કાળી પટી ઉપર શ્વેત પત્રાવીલીનું ચિત્રણ કરી પોપટી રંગની સુશોભિત જાજમ પર વેદીયુક્ત પદ્માસન પર સુવર્ણવર્ણ ભગવાન બિરાજિત છે, અને તે સાલંકાર હોઈ પાડલપુષ્પના મંડપથી મંડિત છે. તેમની બન્ને બાજુ બે પુરૂષો એક બાજુ પીતાંબરધારી અને બીજી બાજુ જમણી અંબરધારી મુકુટ મંડિત ચામરધારી છે. આ બન્ને પુરૂષોની મુખાકૃતિ ઉપર શોભાઓ આલેખેલા છે અને રક્તવર્ણના સુંદર ગુંબજ તળે એ વિરાજિત છે.

**૨ શાંતિનાથજી**—આ ચિત્રની આજુબાજુ લાલ રંગની પટી ઉપર પુષ્પયુક્ત વલ્લી ચિત્રિત કરેલી છે. અને લાલ વર્ણની પુષ્પમંડિત ભૂમિ ઉપર વાદળી વર્ણના બાજઠ ઉપર મુકુટમંડિત સુવર્ણવર્ણ ભગવાન બિરાજિત છે. શિર ઉપર છત્ર છે અને પાછળ પોપટી વર્ણની પીઠ ઉપર લીલા વર્ણનો ચંદરવો આળેખેલો છે, જે રક્ત પુષ્પોની ભાતથી સુશોભિત છે. ભગવાનની બન્ને બાજુ શ્વેતવર્ણ શ્વેતાંબરધારી બે યતિવર્યો હાથ જોડી ઊભેલાં છે. અને તેમનાં મસ્તકો ખભા સુધીના વાળથી યુક્ત અને મુખાકૃતિઓ મુછ તથા શોભાયુક્ત આળેખેલી છે.

**૩ મુનિસુવ્રતસ્વામી**—આ ચિત્ર શ્વેત વર્ણની પટી ઉપર લીલા વર્ણની વલ્લીમાં લાલ વર્ણનાં પુષ્પોથી સુશોભિત છે. લાલ પુષ્પ યુક્ત પીળા વર્ણની જાજમ ઉપર બાજોઠ ઉપર શ્યામવર્ણ ભગવાન પદ્માસને વિરાજિત છે. શ્વેત ભામંડલ આળેખી આછા પોપટી રંગની ગુંબજાકૃતિ ઉપર લાલ અને આછા શ્યામ વર્ણનું તોરણ આળેખ્યું છે. ભગવાનની જમણી બાજુ રક્તાંબરધારી અને ડાબી બાજુ શ્વેતાંબરધારી, મુછ શોભાયુક્ત મુખમંડિત ચામરધારી પુરુષો છે.

**૪ સંભવનાથ**—આ ચિત્રમાં લાલ પટી ઉપર શ્વેત પુષ્પની વલ્લી ચિતરવામાં આવી છે. લાલ વર્ણની ચોકડીવાળી ભાતમાં લાલ પુષ્પો યુક્ત શ્વેત જાજમ પર બાજઠ ઉપર ભગવાનની સુવર્ણવર્ણ સાલંકાર મૂર્તિ આલેખી છે. શ્વેત મુકુટ ઉપર પુષ્પમાળા યુક્ત પીત વર્ણની પીઠ ગુંબજાકૃતિએ શોભે છે. પ્રભુની જમણી બાજુ શ્વેતાંબરધારી ચામરધર છે અને ડાબી બાજુ સુખડની ચમરી ધારણ કરનાર સાલંકાર શોભે છે.

**૫ અજિતનાથ**—પીળા રંગની પટ્ટી ઉપર શ્યામ વર્ણની વેલ ચીતરી શ્વેત પુષ્પની ચોકડી ભાતવાળી વાદળી રંગની જાજમ પર બાજઠ વિરાજિત સુવર્ણવર્ણ સાલંકાર ભગવાન આળેખી લાલ વર્ણના વિશાળ ભામંડલ ઉપર શ્વેત પુષ્પમાળા આલેખી પૂઠ-ચંદ્રક શ્વેત વર્ણે આળેખેલો છે. તેમની જમણી બાજુ રક્તાંબરધારી અને ડાબી બાજુ પીતાંબરધારી ચામરધર છે.

**૬ કુંથુનાથ**—આ ચિત્રમાં ઘેરા લાલ રંગની પટી ઉપર શ્વેત વર્ણની પુષ્પવલ્લી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચીતરેલી છે. અને ખુલતા લાલ રંગની જાજમ પર વેદિકા ઉપરના પીતાસનસ્થ પદ્માસન ઉપર સાલંકાર સુવર્ણવર્ણ ભગવાન વિરાજીત છે. લીલી ભૂમિ ઉપર આકાશ વર્ણ આલેખી પુષ્પવૃષ્ટિ આલેખિત કરી પીતવર્ણનો ગુંબજ વેલબુટ્ટાયુક્ત ચીતર્યો છે. પ્રભુની બન્ને બાજુ બે શ્વેતાંબરધારી સાધ્વીઓ હાથ જોડી ઊભેલી છે.

**૭ અભિનંદન ભગવાન**—આ ચિત્રમાં પીળા રંગની પટ્ટી ઉપર લાલ વેલ બુટ્ટા ચીતરેલા છે. અને શ્યામ વર્ણની ભાતયુક્ત લાલ જાજમ શ્વેતપુષ્પ શોભિત આળેખી બાજઠપર વિરાજિત સુવર્ણવર્ણ સાલંકાર ભગવાન નીલવર્ણ ભામંડલયુક્ત વિરાજિત છે. તેમની પીઠે વાદળી રંગના આકાશમાં પુષ્પવૃષ્ટિ આળેખેલી છે. આ ભગવાનની બન્ને બાજુ છ છ પાદુકાયુગલ યુક્ત બે થુભો રક્તવર્ણના ગુંબજવાળા આળેખિત છે.

**૮ મલ્લિનાથ**—આ ચિત્રમાં લાલ રંગની પટી ઉપર વેલબુટ્ટાનું આછું ચિત્રણ છે. અને શ્વેતવર્ણની પુષ્પ ભાતની જાજમ પર બાજઠ ઉપર સુવર્ણવર્ણ સાલંકાર રક્ત ભામંડલ યુક્ત ભગવાન વિરાજિત છે. તેમના ઉપર આકાશી વર્ણનો ગુંબજ બનાવી પુષ્પમાળાની આકૃતિ આપી છે. ભગવાનની જમણી બાજુ પીતાંબર ધર બંડી ઉપર મુગલાઇ ઘાટના ઘાઘરા જેવા દેખાવનું વસ્ત્રપરિધાન કરેલ મુગટ અને અલંકારયુક્ત ચામરધારી પુરુષ છે. એ જ પ્રમાણે ડાબી બાજુ પણ આછા જામળી રંગનું વસ્ત્ર પહેરેલ ચામરધર છે. ચામરોનો વર્ણ લીલો આળેખેલો છે.

**૯ સુવિધિનાથ**—આ ચિત્રમાં શ્યામવર્ણની પટી ઉપર શ્વેત પત્રાવળીની ભાત ચિત્રિત છે. આ ભગવાનની પીઠે છત્રીની આકૃતિ આળેખેલી છે, બાજઠ ઉપર ભગવાન શ્વેતવર્ણે મુકુટમંડિત વિરાજિત છે. અને પાછળ શ્વેત ચંદરવો આળેખેલો છે. ભગવાનની જમણી બાજુ રક્તાંબર ધોતીધારક શ્વેતવર્ણ પુરુષ ચામરધર છે અને ડાબી બાજુ રક્તાંબરધારી સ્રી ચામરધર છે. પણ તેનું ચિત્ર જઘનોર્ધ્વ ભાગથી ઉપરનું છે અને સાડી વડે માથું ઢાંકેલું છે.

**૧૦ સુમતિનાથ**—આ ચિત્રમાં શ્યામવર્ણની પટી ઉપર શ્વેત પત્રાવલી બનાવી છે. અને લાલ વર્ણની જાજમ ઉપર શ્વેતભાત યુક્ત બાજઠ ઉપર સુવર્ણવર્ણ ભગવાન સાલંકાર મુકુટમંડિત ગુંબજાકાર છત્રી યુક્ત છે. ગુંબજ લાલ વર્ણે છે. ભગવાનની જમણી બાજુ પીતાંબરધર મુગલાઈ પાઘડી ધારક અને બંડી તથા ઘાઘરાના દેખાવનું વસ્ત્ર પહેરેલ પુરુષ ખભે છડી ધારેલ છે અને ડાબી બાજુ મુગલાઇ જમાનાની સાક્ષાત પૂતળી જેવી ચામરધારિણી સ્રીનું ચિત્ર છે.•

**૧૧ વાસુપૂજ્ય**—આ ચિત્રમાં શ્યામ વર્ણની પટી ઉપર શ્વેત પત્રાવલી બનાવી પીતવર્ણની ભૂમિ ઉપર બાજઠ ઉપર રક્તવર્ણે ભગવાન વિરાજિત છે. અલંકાર, મુકુટ, ભામંડળ અને પાખરો સાથે પત્ર તોરણ ચિત્રિત છે. અને તે ઉપર શ્વેત વર્ણની પટી ઉપર ત્રણ ઘુંમટ ચીતરવામાં આવ્યા છે, જેમાંનો મધ્ય ઘુમ્મટ લાલ વર્ણે છે અને બાજુના પીત વર્ણે છે. ભગવાનની જમણી બાજુ આછા જામળી વર્ણના ધોતાંબરધારક હાથ જોડીને ઊભેલ પુરુષ છે અને ડાબી બાજુ શ્વેતવસ્ત્રધારી ખુલા માથે હાથ જોડેલ સ્રી ચિત્રિત છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**૧૨ મલ્લિનાથ**—આ ચિત્રમાં વાદળી રંગની પટી ઉપર ગુલાબી અને શ્વેતવર્ણના છુટાં ફૂલો એક એકના અંતરે ચીતરવામાં આવ્યાં છે અને પીત વર્ણની જાજમ પર બાજઠ ઉપર અલંકાર અને મુકુટયુક્ત નીલવર્ણ ભગવાન વિરાજિત છે. તેમની પાછળ ચંદ્રાકાર રક્તવર્ણ શ્વેત પુષ્પ વિભક્ત ચંદરવો અને પાછળ પીળા રંગનો ચંદરવો આળેખી આછા જામળી રંગે પીઠ સુશોભિત કરેલી છે. અને લાલ શ્વેત અને વાદળી રંગની ભાતયુક્ત ત્રણ કમાન આળેખી છે. પ્રભુની બન્ને બાજુ ખડ્ગાસનસ્થ શ્વેતવર્ણ સાલંકાર અને કચ્છ યુક્ત કાયોત્સર્ગસ્થ ભગવાન ચિત્રિત છે.

**૧૩ પદ્મપ્રભુ**—આ ચિત્રમાં આછા વાદળી રંગની પટી ઉપર આછા ગુલાબી રંગની ફૂલયુક્તવેલ ચીતરેલી છે. વાદળી રંગની ભાત યુક્ત જાજમ ઉપર લીલા વર્ણના બાજોઠ પર રક્ત વર્ણે પીત વર્ણના ભામંડલયુક્ત સાલંકાર ભગવાન વિરાજિત છે. તેમની પાછળ ચંદ્રાકૃતિએ નીલ વર્ણનો ચંદરવો આળેખેલો છે અને તેમની આજુબાજુનો પૃષ્ઠ ભાગ શ્વેત બનાવી તેમાં લાલ ભાત પાડેલી છે. ભગવાનની જમણી બાજુ શ્વેતધૌતધારી અને ડાબી બાજુ રક્તધૌતધારી મુકુટમંડિત ચામરધારી પુરુષો છે. ચામરનો વર્ણ નીલ છે.

## ચિત્રો વિષે અમારા વિચારો

જૈન પ્રાચીન ચિત્ર સાહિત્ય અમારા જાણવા જોવા અને માનવા મુજબ વિવિધ ભાવોથી ભરપૂર અને વિસ્તૃત છે, જે તાડપત્રનાં પુસ્તકોમાં, કાગળનાં પુસ્તકોમાં અને પૂજ્ય આચાર્યોને પ્રતિવર્ષ લખાતાં સાંવત્સરિક વિજ્ઞપ્તિ પત્રોમાં અને દર્શનભાવનાથી આળેખેલી આનુપૂર્વિઓમાં આળેખાયેલું છે.

ઉપર્યુક્ત ચિત્રસાહિત્ય ભિન્ન ભિન્ન ભંડારોમાં મુનિવરો પાસે કે સંઘના વહિવટ કર્તાઓના હાથ તળે જીવંત છે. જ્યાંસુધી સુવર્ણકારે ઘડેલા અને માળીઓએ ગુંથેલા અલંકારોને પેટીમાં અને હારતોરાને કંડિયામાં ભરી રાખવામાં આવે ત્યાં સુધી તો તે અલંકાર ને ગજરાઓ તે રૂપે જ રહે; તેની સફળતા તો જ્યારે તેને શરીર ઉપર ધારણ કરવામાં આવે ત્યારે જ થાય. કળા માટે પણ એ જ વાત સાચી છે.

આખી વિક્રમની વીસમી સદી પસાર થઈ છતાં એના આસરે આઠ દાયકાઓ સુધી તો જૈન કોમે પુના ચિત્રશાળાથી પ્રસિદ્ધ મહાવીર પ્રભુનાં ચિત્રો અને દર્શનચોવીસીનાં રેખા-ચિત્રો તેમજ ભીમસિંહ માણેકજીએ પાંડવચરિત્ર શ્રીપાલરાસ જેવા ગ્રંથોમાં આપેલ ચિત્રો સિવાય બીજુ કાંઈ પણ સાહિત્ય સમયની પદ્ધત્તિએ પ્રસિદ્ધ કર્યું નથી, જેના પ્રત્યે જૈન ભક્તો કે બાલસમાજ આકર્ષાય. પણ છેલ્લા બે દાયકામાં કંઈક આ વિષયની વિવિધ પ્રવૃત્તિ જૈનોમાં શરૂ થઈ છે, તેમાં ખાસ કરીને શ્રી સારાભાઈ નવાબની "જૈન ચિત્ર કલ્પદ્રુમ" પ્રસિદ્ધિમાં મૂકવાની પ્રવૃત્તિ અગ્ર સ્થાન ભોગવે છે. અને તે સિવાય ભગવાન મહાવીર દેવના કેટલાંક જીવનપ્રસંગોનાં અને પાર્શ્વનાથ પ્રભુના એકાદ જીવનપ્રસંગનાં ચિત્રો દ્વિ, ત્રિ કે પચરંગી મુદ્રિત થયેલાં જોવાય છે. સુરતથી દેવચંદ્ર લાલભાઈ તરફથી સચિત્ર બારસા સૂત્ર પણ મુદ્રણ પામ્યું છે. વડોદરાના સદ્ગૃહસ્થ તરફથી તીર્થંકર પ્રભુની જીવનઘટનાઓને દર્શાવતી વિવિધ ચિત્રમાળાની પ્રવૃત્તિરૂપે કમઠ પાર્શ્વનાથનું લીથો ચિત્ર પ્રસિદ્ધિ પામ્યું અને ઋષભદેવજીનાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજ્યભિષેકનું ચિત્ર પણ તેમણે તૈયાર કર્યું હતું. પ્રાણિવિજ્ઞાનની સરળતા માટે મુનિરાજ શ્રી ધર્મવિજયજીચિત્રિત જીવભેદદર્શકચિત્ર બાલસાહિત્ય રૂપે શ્રીમતી આત્મોદય સમિતિએ પ્રસિદ્ધિમાં મૂક્યું. આ સિવાય કેટલુંક સાહિત્ય છાયાચિત્રોનું પણ પ્રસિદ્ધ થયેલું જોવામાં આવે છે, પ્રાચીન ચિત્ર સાહિત્ય લોકાકર્ષક નિવડે તેને માટે અમદાવાદ જેવા જૈનનગરમાં એકાદ પ્રદર્શનની પણ પ્રવૃત્તિ થઈ.

ઉપર જણાવ્યું તેમ "જૈન ચિત્ર કલ્પદ્રુપ" જેવી પ્રવૃત્તિ થવા પામી ખરી અને બીજી પણ ચિત્રમાળાઓ પ્રસિદ્ધ થઇ ખરી, પણ તે બહુ કિંમતવાળી હોવાથી તે વિસ્તૃત પ્રચાર પામેલી જોવાતી નથી. તેથી આવું સાહિત્ય અલ્પમૂલ્યે સુલભ થાય એવી ગોઠવણ ઇચ્છવા યોગ્ય ગણાય.

આજસુધીમાં ચોવીસ તીર્થંકરનાં જે ચિત્રો લીથોમાં પ્રસિદ્ધિ પામ્યાં છે તેમાં સર્વ પરમાત્માઓનો દેખાવ વર્ણભેદ સિવાય સમાન જ આપેલો છે અને આજુબાજુ આલેખવામાં આવેલા ઇંદ્રોના દેખાવ પણ સમાન જ છે. અહીં આપવામાં આવેલા-વર્ણનવાળાં ચિત્રોમાં પરમાત્માના દેખાવનું સામ્ય હોવા છતાં આજુબાજુના દેખાવોમાં સ્પષ્ટ ભિન્નતા જોવાય છે. તેમાં ખાસ આપણને ઊડીને આંખે બાઝે તેવાં યતિયુગલ, સાધ્વીયુગલ, શ્રાવકયુગલ સર્વાંગવસ્ત્રયુક્ત પતિપત્નીયુગલ, કાઉસગીઆયુગલ, એક શ્રાવક અને એક સાધ્વી, આ બધાં ચિત્રો ભિન્નભિન્ન ભાવો દર્શાવે છે, અને તે અતીવ આકર્ષક છે. શ્રાવકોનાં ચિત્રોમાં સુરવાલ ઉપર બંડી અને બંડી ઉપર કેડથી પગસુધી ઘાઘરા જેવા દેખાવનું વસ્ત્ર અને તે ઉપર એક ભિન્ન રંગનો પણ કકડો ઓળેખેલો છે. પતિપત્નીનાં ચિત્રોમાં વસ્ત્રવર્ણનું સામ્ય છે અને માથું વસ્ત્રથી ઢાંકેલું બતાવ્યું છે એ મર્યાદાનું બોધક છે. બાકીનાં ચિત્રોમાં શ્રાવકો ખુલ્લા શરીરે અલંકારયુક્ત બતાવી ભિન્ન વર્ણોના ધોતીયાયુક્ત મુકુટમંડિત આળેખલા છે. પ્રાચીન કાળના પુરૂષના ગૌરવસૂચક મૂછ અને થોભા યતિવર્ગોના પણ ચિત્રિત કરવામાં આવ્યા છે, જે તેમના પહેરવેશનું જ્ઞાન આપે છે. પ્રભુની આસપાસના દેખાવમાં ચદરવાનો, ભામંડલનો, પુષ્પતોરણનો, છત્રીનો.ઘુંમટનો દેખાવ વિવિધતા જ આણે છે.

આ ઉપરથી સદરહુ ચિત્રાવલીની વિશેષતાઓ વિદ્વાનો સાહિત્યપ્રેમીઓ અને સાધારણ જનસમૂહના ખ્યાલમાં આવી શકશે. કોઇ પણ ગ્રંથ સાથે સંબંધ વિના પણ, આવાં જ ચિત્રો મારી મુસાફરી દરમ્યાન લીંબડી જ્ઞાનભંડારમાં જોવામાં આવ્યાં છે. મારી નમ્ર વિનંતી છે કે આ વિષયના જ્ઞાતા વિદ્વાનો અને ધનિકો ભવિષ્યમાં બાલોદ્બોધક ચિત્રસાહિત્યનું સર્જન કરી સર્વસુલભ બનાવે. અને આવું જ બીજું ઇતસ્તતઃ વિકીર્ણ અને નષ્ટ થતું સાહિત્ય એકત્રિત કરી જનસમાજ સમક્ષ મૂકે.

ચિત્ર એ એક એવી કળા છે કે જે સૌને સ્તંભિત કરે છે, જોવા લલચાવે છે અને બાલ્યાવસ્થાથી જ પ્રેરણા આપે છે. આવા વિષય તરફ જૈનો દુર્લક્ષ કરે એ ખરેખર ધર્મપ્રચારને આડી દિવાલ ઊભી કરવા જેવું છે.

આ ચિત્રોમાં સર્વાંગવસ્ત્રાચ્છાદિત પુરુષોનો પહેરવેશ કયા દેશને મળતો છે એ વિચારવા જેવું છે.

ચિત્રો તૈયાર કર્યાનો સમય મુગલ સામ્રાજ્ય અને તપાગચ્છાચાર્ય વિજયદેવસૂરિજીથી ઓગણીસમી સદી સુધીનો છે. ચિત્રકાર કદાચ કોઇ યતિવર્ય પણ હોય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આપણાં 'ફાગુ' કાવ્યો

(લેખક: પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.)

ગુજરાતી સાહિત્યના રાસ, ચર્ચરી ઇત્યાદિ જે વિવિધ પ્રકારો છે તેમાંનો એક પ્રકાર તે 'ફાગુ' છે. 'ફાગુ' સાહિત્ય પદ્યમાં રચાયેલું છે. એથી આ સાહિત્યની કૃતિઓને મેં 'ફાગુ-કાવ્યો' એવું નામ આપ્યું છે. કેટલાંક 'ફાગુ' કાવ્યોનાં નામમાં 'ફાગ' શબ્દ વપરાયો છે. એથી એને 'ફાગ-કાવ્ય' કે 'ફાગ' પણ કહી શકાય.

ફાગુ, ફાગ ઇત્યાદિ—"સાર્થ ગૂજરાતી જોડણીકોશ"માં 'ફાગ' શબ્દના (૧) વસન્ત અને (૨) હોળીનાં શૃંગારી ગીતો કે બોલાતા અપશબ્દ એમ બે અર્થો અપાયા છે. દલપતરામે "ફાગ ફટાણાં રસ નહીં વળી, નહીં રસ નહીં વ્યભિચાર" એ પંક્તિમાં 'ફાગ' શબ્દ વાપર્યો છે. એવી રીતે ખબરદારે "ધસો હો ગાતા ફાગ વસંત" એ પંક્તિમાં અને કવિ નાનાલાલે "જય-કલગીએ વળજો પ્રીતમ ! ભીંજશું ફાગે ચીર" એ પંક્તિમાં 'ફાગ' શબ્દ વાપર્યો છે.

કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રસૂરિકૃત રયણાવલિ યાને દેસીસદ્દસંગહના છઠ્ઠા વર્ગની નિમ્નલિખિત ૮૨ મી ગાથામાં 'ફગ્ગુ' શબ્દ છેઃ—

"फग्गू महुच्छणे फलही ववणी फसुलफंसुला मुक्के ।
फरओ फलयम्मि अ फंसुली अ णोमालिआए य ॥८२॥"

આમ અહીં 'ફગ્ગુ'નો અર્થ 'વસન્તનો ઉત્સવ' એમ કરાયો છે. 'ફાગુ' કાવ્યોમાં વસન્તનો વિલાસ અગત્યનું સ્થાન ભોગવે છે એ ઉપરથી આપણે 'ફાગુ'ના મૂળ તરીકે 'ફગ્ગુ' શબ્દનો નિર્દેશ કરી શકીએ. વસન્ત ઋતુ ફાગણ મહિનામાં પૂર બહારમાં હોય છે. એટલે આ ફાગણ માટે જે સંસ્કૃતમાં 'ફાલ્ગુન' શબ્દ છે તેને અને આ ફાગુને—ફાગને સંબંધ હોય એમ લાગે છે.

સંસ્કૃતમાં 'ફલ્ગુ' શબ્દ છે. એના (૧) અસાર, (૨) નાનું, ઝીણું, (૩) નિરર્થક અને (૪) મંદ એમ વિશેષણરૂપે ચાર અર્થો છે. વળી 'ફલ્ગુ' નામરૂપે પણ છે. એના (૧) વસન્ત અને (૨) એક નદીનું નામ એમ બે અર્થ છે. "સાર્થ ગૂજરાતી જોડણીકોશ"માં સુન્દર, અને ગુલાલ એમ બે વધારે અર્થ અપાયેલા છે તેમજ 'ગયા'ક્ષેત્ર પાસેની નદી એમ વિશેષતા દર્શાવાઈ છે. 'ફગ્ગુ' એ ફલ્ગુનું રૂપાન્તર છે એમ માનીએ તો એનો 'વસન્ત' અર્થ તો ઘટે જ છે એટલું જ નહિ, પણ અસાર-નિરર્થક-તુચ્છ એ અર્થ પણ ઘટે છે, કારણ કે હોળીના દિવસમાં જે ફટાણાં—બીભત્સ ગીતો હોળૈયાઓ—ઘેરૈયાઓ-ફાગ ગાનારા ગાય છે તેને એ લાગૂ પડે છે, કેમકે એ ગીતો નિરર્થક છે એટલું જ નહિ પણ કેટલીક વાર તો અનર્થક છે અને એમાં માણસાઈનું—સભ્યતાનું જાહેર લીલામ છે.

અભિધાનચિન્તામણિમાં, કાગડાને પ્રિય ઉદુંબરિકા અર્થાત્ કાકોદુંબરિકા એ અર્થ 'ફલ્ગુ'નો અપાયો છે, પણ એ તો અહીં અપ્રસ્તુત જણાય છે; સિવાય કે આવા કોઈ ઝાડ સાથે ફાગનો સંબંધ હોય. વિશેષમાં આની ટીકામાં 'ફલ્ગુ' અને 'ફાલ્ગુન' શબ્દ 'ફળવું' એ અર્થવાળા 'ફલ્' ધાતુ ઉપરથી નિષ્પન્ન કરાયા છે.

સંસ્કૃતમાં 'ફલ્ગુન' તેમજ 'ફાલ્ગુન' એમ બે શબ્દો છે. એ બંનેના ફાગણ માસ અને અર્જુન એ બંને અર્થો થાય છે. ઉત્તરાફલ્ગુની નક્ષત્રમાં અર્જુનનો જન્મ થવાથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એનું આ નામ છે એમ **મહાભારત**માં કહ્યું છે. ફાગણ મહિનામાં જન્મેલને '**ફાગણિયું**' કહે છે. સ્ત્રીઓના એક જાતના વસ્ત્રનું પણ આ નામ છે.

'ફગ્ગુણ' એવો પાઇય ભાષામાં શબ્દ છે. **વજ્જાલગ્ગ** (ગાથા ૬૩૮)માં એ '**અર્જુન**' એ અર્થમાં વપરાયો છે.

"**સાર્થ** ગૂજરાતી જોડણીકોશ"માં 'ફગવો' શબ્દ છે અને એનો અર્થ 'ઘેરૈયો' અપાયો છે. હોળી વગેરે પ્રસંગે ઝાડુ કાઢનાર—બારણિયા તેમ જ મહેતરાણી વગેરે 'ફગવો' માંગવા આવે છે. આમ 'ફગવો' શબ્દ પણ 'ફાગુ'ની નાતનો હોય એમ જણાય છે.

જે "ફાગુ કાવ્યો" ગુજરાતી ભાષામાં રચાયેલાં અત્યાર સુધીમાં મળ્યાં છે તેમાં કેવળ જૈનોનો કે અજૈનોનો ફાળો નથી, જો કે મોટો હિસ્સો તો જૈનોનો જ છે. વિશેષમાં એ તમામ કાવ્યો પ્રકાશિત નથી. આ ઉપરાંત એની કોઈ એક સ્થળે નોંધ પણ લેવાઈ હોય એમ જણાતું નથી એટલે રચનાસમયના ક્રમને લક્ષીને હું જૈન કૃતિઓને અંગે વિહંગાવલોકનરૂપે થોડુંક કહું છું:—

## [૧] સિરિથૂલિભદ્દફાગુ : કર્તા જિનપદ્મસૂરિ

આ ૨૭ કડીમાં રચાયેલું કાવ્ય છે. એના સાત ભાગ કરાયા છે. એ દરેકનું નામ 'ખંડ' છે. દરેક ખંડમાં એક દોહરો અને પછી રોળા છે; માત્ર છઠ્ઠી ભાસમાં એટલે કે સાતમા ખંડમાં બે રોળા છે. સંપૂર્ણ કાવ્ય ગેય છે એમ એની નીચે મુજબની અંતિમ કડી કહી આપે છે:—

"ખરતર ગચ્છિ જિણપદ્મસૂરિકિય ફાગુ રમેવઉ ।
ખેલા નાચઇં ચૈત્ર માસિ રંગિહિ ગાવેવઉ ॥ ૨૭ ॥"

આ ફાગુ છે એ પણ આ કડી જણાવે છે. વિશેષમાં એની પહેલી કડી પણ આ વાતની સાક્ષી પૂરે છે. આ રહી એ કડીઃ—

"પણમિય પાસજિણિંદપય અનુ સરસઇ સમરેવી ।
થૂલિભદ્દ મુણિવઇ ભણિસુ ફાગુબંધિ ગુણ કેવી ॥૧॥"

આમાં આ કૃતિ 'ફાગુ' નામના બંધમાં રચવાની પ્રતિજ્ઞા કરાઈ છે. ફાગુબંધ એટલે અમુક પ્રકારની કાવ્યરચના.

જૈન જગતમાં સુપ્રસિદ્ધ મુનિવર [૧]સ્થૂલભદ્ર ગુરુની અનુજ્ઞા મેળવીને કોશા વેશ્યાને ત્યાં આવે છે અને ચાતુર્માસ રહેવા માટે એની પાસે ચિત્રશાળા માંગે છે. એ સમયે એ કોશા વેશ્યા એ આપે છે અને અનેક પ્રકારની સજાવટ કરી મુનીશ્વરને યતિધર્મથી વિમુખ બનાવવા લોભાવે છે, પણ એઓ અડગ રહે છે એટલું જ નહિ પણ કોશાને સુશ્રાવિકા બનાવવામાં સફળ થાય છે. ચાતુર્માસ દરમ્યાન આ પ્રમાણેનું એ મુનિવર્યનું વર્તન સાંભળી એમના ગુરુ એમને 'દુષ્કરદુષ્કરકારક' કહી એમની પ્રશંસા કરે છે. **આપણા કવિઓ** (ભા. ૧, પૃ. ૨૩૩)માં "સ્થુલિભદ્ર ગુરુના હુકમથી ભિક્ષાએ આવે છે" એમ જે ઉલ્લેખ કરાયો છે તે ભ્રાન્ત છે. **ગુજરાતી સાહિત્યની રૂપરેખા** (પૃ. ૨૨)માં આ ભ્રાન્ત ઉલ્લેખનું પુનરાવર્તન થયું છે. આવું ભવિષ્યમાં ન બને એ માટે અહીં આ નોંધ લેવી પડી છે.

---

૧ આને માટે પાઇયમાં 'થૂલભદ્દ' શબ્દ છે. એ ઉપરથી ગુજરાતીમાં 'થૂલિભદ્દ' રૂપ બનાવાયું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુનીશ્વર સ્થૂલભદ્રના જીવનની વિવિધ બાજુઓ ઉપર પ્રકાશ પાડનારાં મુખ્ય સાત સાધનો મેં "મુનિરત્ન શ્રી સ્થૂલભદ્રના જીવનનો એક પ્રસંગ" એ લેખમાં કે જે "જૈન ધર્મ પ્રકાશ" (પુ. ૫૫, અં. ૪)માં પ્રસિદ્ધ થયેલો છે તેમાં ગણાવ્યાં છે. એમાં સોમપ્રભસૂરિકૃત કુમારવાલપડિબોહનો પાંચમો પ્રસ્તાવ ઉમેરવો. એમાં "અપભ્રંશ" માં આ મુનિરાજનું જીવનચરિત્ર છે.

ચાતુર્માસનો પ્રસંગ હોવાથી વર્ષાનું વર્ણન અપાયું છે. બાકી આ ફાગુ ચૈત્ર માસમાં એટલે કે વસન્ત ઋતુમાં 'ખેલાઓ ગાતા રમે અને નાચે' એમ કહી એની ફાગુ તરીકેની સાર્થકતા બતાવાઈ છે. વિષયનો મોટો ભાગ શૃંગારિક છે, એ રીતે પણ આ 'ફાગુ' એ નામને લાયક છે.

પ્રાચીન પદ્ધતિના કાવ્યની દૃષ્ટિએ આમાં આલંકારિક કવિતા છે એટલે એ રીતે આ કાવ્ય છે. આ કાવ્ય ભાષાની દૃષ્ટિએ ઉપયોગી છે, કેમકે એમાં સંસ્કૃત તત્સમ રૂપો તેમ જ અપભ્રંશ યુગનાં રૂપો ઉપરાંત કેટલાંક નવીન રૂપો નજરે પડે છે.[2] વિશેષમાં આપણા કવિઓમાં એ ઉલ્લેખ છે કે એમાં કચોલા (કચોળું), ગાલિમસૂરા (ગાલમસૂરિયું) અને સલ્લર (સિપાઇ) એવા શબ્દો વપરાયા છે. સલ્લર એ ફારસી છે, જો કે આપણા કવિઓમાં એને 'અરબી' કહ્યો છે. ગુજરાતી ભાષાની ઉત્ક્રાન્તિ (પૃ. ૩૯૯)માં તો 'મલ્લસલ્લ' એટલે 'મલ્લરૂપ શલ્ય' એવો અર્થ કરાયો છે, અને એ વાસ્તવિક જણાય છે.

સામાજિક દૃષ્ટિએ પણ આ કાવ્ય ઉપયોગી છે. વેશ્યાઓની વ્યવસ્થિત સંસ્થા એક સમયે હતી, અને જૈન સાધુઓ ભિક્ષાને માટે કોઈને પણ ઘેર જતા એમ જે આપણા કવિઓ (ભા. ૧ પૃ. ૨૩૬)માં આલેખાયું છે તે ખરું છે, પણ તે આ ફાગુ ઉપરથી ફલિત થાય છે એમ જે કહેવાયું છે એ ઉપર્યુક્ત ભ્રાન્ત હકીકતને આભારી છે.

વિનયચન્દ્રે (આશરે વિ. સં. ૧૨૬૯) નેમિનાથચતુષ્પાદિકા રચી છે. એ અત્યાર સુધીમાં મળેલાં 'ઋતુકાવ્ય'માં તેમજ [3] 'બારમાસી કાવ્ય'માં પણ પ્રથમ છે, જ્યારે એ દૃષ્ટિએ આ ફાગુ બીજું ઋતુકાવ્ય છે, પણ 'ફાગુ' કાવ્ય તરીકે તો એ પ્રથમ છે–સૌથી પહેલું છે.

આ 'સિરિથૂલિભદ્દફાગુ' 'ખરતર' ગચ્છના જિનપદ્મસૂરિએ રચ્યું છે. એમને વિક્રમ-સંવત્ ૧૩૯૦માં આચાર્યપદ મળ્યું હતું એમ જૈન ગૂર્જર કવિઓ (ભા. ૧, પૃ. ૧૧)માં ઉલ્લેખ છે. 'આચાર્ય' પદ મળ્યા બાદ આ ફાગુ તેમણે રચેલ છે એમ એની અંતિમ –૨૭ મી કડીમાં 'જિણપદમસૂરિ' ઉલ્લેખ ઉપરથી જાણી શકાય છે. આ સૂરિ વિ. સં. ૧૪૦૦ માં સ્વર્ગે સંચર્યા એમ જૈન ગૂર્જર કવિઓ (ભા. ૧, પૃ. ૧૧)માં નોંધ છે. આથી આ ફાગુને આપણે વિક્રમની ચૌદમી સદીની છેલ્લી પચ્ચીસીની કૃતિ ગણી શકીએ.

---

૨ આનાં ઉદાહરણો માટે જુઓ આપણા કવિઓ (ભા. ૧, પૃ. ૨૩૬–૭).

૩ રાધાકૃષ્ણની, સીતારામની, ગુરુની, જ્ઞાનની, ખેડૂતની એમ અનેક વિષયની બારમાસીઓ આના પછી રચાઈ છે. વિશેષ માહિતી માટે શ્રી. મં. ર. મજમૂદારનો A Note on Barmasi songs in Gujarati Literature નામનો લેખ જોવો. આ લેખ "Journal of the Gujarat Research Society (Vol. II, No. 2, pp. 8–16) માં છપાયો છે.

જૈન ગૂર્જર કવિઓ (ભા. ૩, ખં. ૨, પૃ. ૧૭૭૪) માં "બારમાસ" એવા શીર્ષકપૂર્વક નેમિબારમાસ વગેરે કૃતિઓની યાદી અપાઈ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્રાચીન ગુર્જર કાવ્યસંગ્રહ** (પૃ. ૩૮-૪૧)માં એ પ્રસિદ્ધ થયું છે. **ગુજરાતી ભાષાની ઉત્ક્રાન્તિ** (પૃ. ૪૯૯-૫૦૩)માં એ ઉદ્ધૃત કરાયું છે. સાથે સાથે એમાંના કેટલાક શબ્દોનો અર્થ વ્યુત્પત્તિપૂર્વક એમાં અપાયો છે. **આપણા કવિઓ** (પૃ. ૨૩૩-૨૩૬)માં આ ફાગુની કેટલીક કડીઓ એની ગુજરાતી છાયા-આધુનિક ગુજરાતી રૂપાન્તર સહિત અપાયેલી છે.[૪] બાકીનાની આવી છાયા આપવા ઉપરાંત સમીક્ષાત્મક સંપાદન માટે જે આવશ્યક ગણાય તેવી હકીકત પણ આપી, આ તેમ જ બીજાં ફાગુ કાવ્યો એક સંગ્રહરૂપ પ્રસિદ્ધ થવાં ઘટે અને એનું સંપાદનકાર્ય જૂની ગુજરાતી, અપભ્રંશ, પાઇય અને સંસ્કૃતના વિશેષજ્ઞને સોંપાવું જોઈએ. કોઈ ધનિક વ્યક્તિ કે સંસ્થા આ દિશામાં પ્રશંસનીય પગલું ભરશે એવી આશા છે.

### [૨] થૂલભદ્દફાગુ : કર્તા હલરાજ

વિ. સં. ૧૪૦૯માં હલરાજે સ્થૂલભદ્રને અંગે 'ફાગુ' કાવ્ય 'મેદપાટ' (મેવાડ)ના આઘાટ નગરમાં રચ્યું છે. **જૈન ગૂર્જર કવિઓ** (ભા. ૩, ખં. ૧, પૃ. ૪૧૨)માં એનો સ્થૂલિભદ્રફાગ[૫] તરીકે નિર્દેશ છે, જ્યારે પૃ. ૪૧૩ માં પુષ્પિકામાં એનો 'થૂલભદ્દફાગુ' તરીકે ઉલ્લેખ છે. આ કાવ્યની પ્રારંભની ચાર લીટીરૂપ એક કડી અને અંતમાંની અગ્યાર લીટી પૃ. ૪૧૨-૩માં અપાયેલી છે. વિશેષમાં છેવટની પાંચ લીટીમાં મથાળે 'વસ્ત' એમ લખાયેલું છે. આ કેટલી કડીનું કાવ્ય છે તે જાણવું બાકી રહે છે.

### [૩] નેમિનાથફાગુ : કર્તા રાજશેખરસૂરિ

અનેક જૈન કવિઓએ નેમિનાથને ઉદ્દેશીને જાતજાતનાં કાવ્યો લખ્યાં છે. તેમાં 'ફાગુકાવ્યો' પણ છે. એ પૈકી 'મલધારી' રાજશેખરસૂરિએ રચેલા ફાગુકાવ્ય વિષે અહીં વિચાર કરાય છે.

આ ફાગુકાવ્ય પણ **સિરિથુલિભદ્દફાગુ**ની પેઠે ૨૭ કડીનું કાવ્ય છે અને એના પણ સાત જ ખંડ પડાયા છે. એ ૩, ૬, ૧૨, ૧૫, ૧૮, ૨૧, ૨૪ અને ૨૭ મી કડીએ અનુક્રમે પૂર્ણ થાય છે. ખંડની પહેલી કડી દોહરામાં છે, જ્યારે બાકીની રોળામાં છે. આ સમગ્ર કાવ્ય રમવાને માટે રચાયું છે એમ એની અંતિમ કડીમાં કહેવાયું છે. આ કડી નીચે મુજબ છે:—

"રાજલ દેવિસઉં સિદ્ધિ ગયઉ સો દેઉ થુણીજઇ ।
મલહારિહિં રાયસિહરસૂરિહિં કિઉ ફાગુ રમીજઇ ॥ ૨૭ ॥

આ રાજશેખરસૂરિ તે વિ. સં. ૧૪૦૫માં **ચતુર્વિંશતિપ્રબન્ધ** યાને **પ્રબન્ધકોશ** રચનારાથી અભિન્ન છે. આ ઉપરથી આ **નેમિનાથફાગુ**ની રચના વિક્રમની ચૌદમી અને પંદરમી સદીના સંધિકાળની કૃતિ ગણી શકાય. એને હલરાજકૃત **થૂલભદ્દફાગુ**થી પહેલું કે પછી ગણવા માટે કોઈ ખાસ પ્રમાણ જણાતું નથી એટલે હાલતુરત તો મેં એને પછીનું ગણ્યું છે. નેમિનાથની સગાઈ રાજીમતી સાથે થયા બાદ એમની જાન ઉગ્રસેનને ત્યાં જાય છે ત્યારે ગોરવ માટે એણે જે પશુપંખીઓ પાંજરે પૂર્યાં

---

૪ **જૈન ગૂર્જર કવિઓ** (પ્રથમ ભાગ, પૃ. ૩૮-૩૯)માં પહેલી છ અને છેલ્લી ચાર લીટીઓ છે, તેમાંની છેલ્લી બે સિવાયની તો આ જિનપદ્મસૂરિકૃત સિરિથુલિભદ્દફાગુમાં છે. બાકીની બે ભિન્ન છે અને વિશેષ નવાઈની વાત તો એ છે કે આ કૃતિ દેપાલની ગણાવાઈ છે!

૫ આ થૂલિભદ્દ ઉપરથી બનાવાયેલું સંસ્કૃત રૂપ છે. વાસ્તવિક નામ 'સ્થૂલભદ્ર' છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હતાં તે કરુણ સ્વરે પોતાનું દુઃખ કહે છે. એ સાંભળી **નેમિનાથ** એ લગ્નને દિવસે–શ્રાવણ સુદ છઠે પરણ્યા વિના પાછા ફરે છે. આમ આ કાવ્યનો અન્ત નિર્વેદમાં આવે છે, પરંતુ કાવ્યનો રસ સતત વહે છે, કેમકે એમાં **રાજીમતીનું** અને ખાસ કરીને વરઘોડાનું વર્ણન છે. પ્રારંભમાં વસંતખેલનું સૂચન છે એ ઉપરથી તેમજ લગ્ન સામાન્ય રીતે વસન્તમાં થાય છે એ ખ્યાલમાં લેતાં આ કાવ્યને 'ફાગુ' કહેવામાં વાંધો જણાતો નથી.

પ્રાચીન આલંકારિક શૈલીનું આ ફાગુ કાવ્ય **પ્રાચીન ગૂજરાતી કાવ્યસંગ્રહમાં** પ્રસિદ્ધ થયું છે. એની કેટલીક કડીઓ ગુજરાતી છાયા તેમજ આ કાવ્ય સંબંધી કેટલીક માહિતી સાથે **આપણા કવિઓ** (ભા. ૧. પૃ ૨૪૪–૨૪૯)માં અપાયેલી છે. આ ફાગુની પહેલી કડીનો પૂર્વાર્ધ "સિદ્ધિ જેહિ સયવર વરિય તિ તિત્થયર નમેવી" એમ સુધારવાનું સૂચન **જૈન ગૂર્જર કવિઓ** (ભા. ૩, ખં. ૧, પૃ. ૪૧૨)માં કરાયું છે.

## [૪] જંબૂસ્વામીફાગુ : કર્તા અજ્ઞાત

આ કોની કૃતિ છે તેનો નિર્દેશ નથી, પણ એ વિ. સં. ૧૪૩૦ માં રચાયેલી છે એ વાત તો એની નીચે મુજબની ત્રીસમી કડી ઉપરથી જાણી શકાય છે:—

"ચઉદહ તીસ સંવચ્છરિ મુચ્છરિ આનિ વિમત્તુ ।
જંબુય ગુણ અનુરાગિહિં ફાગિહિં કહીય ચરિત્તુ ॥ ૩૦ ॥"

જયશેખરસૂરિકૃત નેમિનાથફાગુની પેઠે આ ફાગુ સાંકળીકાવ્ય છે. એ ઉપરથી એવી સંભાવના માટે અવકાશ રહે છે કે એ **જયશેખરસૂરિની** કૃતિ હોય. એ કૃતિ જો બીજાની જ હોય તો "જયશેખરસૂરિએ આ સાંકળી–પ્રકારનું અનુકરણ કર્યું છે" એમ **આપણા કવિઓ** (પૃ. ૩૧૭)માં નિર્દેશ છે. **જંબૂસ્વામીને** ઉદ્દેશીને આ ફાગુ રચાયેલું છે. એમને લલચાવવા માટે જે નારી તૈયાર થઈ છે તેના શરીરનું રોચક વર્ણન છે. આ અત્યંત વેગવંત અને સુંદર કાવ્ય શ્રી. **ભોગીલાલ સાંડેસરાએ** સંપાદિત કર્યું છે અને એ "ગુજરાતી"ના ઈ. સ. ૧૯૩૨ના દીપોત્સવી અંક (પૃ. ૪૨)માં છપાયું છે. એમાંથી કેટલીક કડીઓ **આપણા કવિઓ** (પૃ. ૩૧૬–૭૭)માં અપાયેલી છે ઉપર્યુક્ત અંક આજે સુલભ નથી તો એ ફરીથી પ્રસિદ્ધ થવું ઘટે

## [૫] જીરાઉલિપાર્શ્વનાથફાગુ : કર્તા મેરુનંદન

**જિનોદયસૂરિના** શિષ્ય **મેરુનંદને** જંબૂસ્વામીફાગુની માફક ત્રીસ કડીનું આ 'ફાગુ' કાવ્ય વિ. સ. ૧૪૩૨માં રચ્યું છે. ચચ્ચાર લીટીની પહેલી અને છેલ્લી કડી **જૈન ગૂર્જર કવિઓ** (ભા. ૩, ખં. ૧, પૃ. ૪૨૦)માં અપાયેલી છે. કાવ્યનો વિષય 'જીરાઉલિ' પતિ પાર્શ્વકુમાર છે.

## [૬] નેમિનાથફાગુ : કર્તા જયશેખરસૂરિ

**પરમહંસપ્રબોધ** અને **પ્રબોધચિન્તામણિ** એવા નામે પણ ઓળખાતું **ત્રિભુવનદીપકપ્રબન્ધ** નામનું 'રૂપક' કાવ્ય વિ. સં. ૧૪૬૨માં રચનારા **જયશેખરસૂરિએ** આ રચ્યું છે. આ દ્વારા ભાષા ઉપરનું એમનું પ્રભુત્વ જોઈ શકાય છે. ૧૧૪ દોહરાનું આ સુંદર સાંકળીકાવ્ય છે. અને એ રીતે આ **જંબૂસ્વામીફાગુને** મળતું આવે છે. આમાં છંદોની વિવિધતા નથી એથી એને **આપણા કવિઓ** ( પૃ. ૩૧૪ )માં 'પ્રાચીન—વિ. સં. ૧૪૬૨ કરતાં ઘણાં વર્ષો પૂર્વે રચાયેલું' ગણ્યું છે. **આપણા કવિઓ** ( પૃ. ૩૧૪–૫ )માં આ **નેમિનાથફાગુના** ચચ્ચાર લીટીના આઠ દોહરા અપાયા છે. જેમકે ૭–૯,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૭, ૧૮, ૨૦, ૨૧ અને ૪૭. 'ગિરનાર' ગિરિને ક્રીડાસ્થાન તરીકે આલેખી વસન્તખેલ વર્ણવાયો છે. વસન્તનાં આકર્ષણો તેમજ રાણીઓની વિવિધ ક્રીડા નેમિનાથના વિરક્ત હૃદય ઉપર કશી અસર કરતાં નથી એ આ કાવ્યમાં સારી રીતે આલેખાયું છે. "એક ઋતુકાવ્ય તરીકે દીપી ઊઠે એવું આ સર્વશ્રેષ્ઠ કાવ્ય છે એમ કહેતાં જરાય સંકોચ થતો નથી" એમ **આપણા કવિઓ** (પૃ. ૩૧૫)માં ઉલ્લેખ છે.

"જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ" (પૃ. ૪૮૭)માં **જયશેખરસૂરિનો** ૫૮ કડીનો **નેમિનાથફાગ** નોંધાયો છે અને **જૈન ગૂર્જર કવિઓ** (ભા. ૩, ખં. ૧, પૃ. ૪૨૫-૬)માં ચાર ચાર લીટીની પહેલી અને છેલ્લી (૫૮મી)કડી અપાયેલી છે. આમ ભિન્ન ભિન્ન કડીઓ અપાયેલી હોવાથી અને બીજું કોઈ સાધન મારી પાસે અત્યારે નથી એટલે ઉપર સૂચવેલ ૧૧૮ દોહરાનો ફાગ તે ૫૮ કડીના ફાગથી ભિન્ન જ છે કે કેમ એનો અંતિમ નિર્ણય કરવો તો બાકી રહે છે. છતાં વિષય વગેરે વિચારતાં એ બે એક હોવાનો સંભવ છે, જો કે કડીની સંખ્યામાં મોટો ભેદ છે.

### [૭] નેમીશ્વરચરિતફાગબંધ : કર્તા માણિક્યસુંદરસૂરિ

'અંચલ' ગચ્છના **મેરુતુંગસૂરિના** શિષ્ય **માણિક્યસુંદરસૂરિએ** વિ. સં. ૧૪૭૮ની આસપાસમાં એકાણુ ગાથાનું આ કાવ્ય રચ્યું છે. એમાં પહેલી ત્રણ ગાથાઓ સંસ્કૃતમાં છે. **જૈન ગૂર્જર કવિઓ** (ભા. ૩, ખં. ૧, પૃ. ૪૪૩)માં ચોથી, પાંચમી અને ૯૧મી ગાથા અપાયેલી છે. 'જીરાપલ્લિ'પતિ **પાર્શ્વનાથ** અને **સરસ્વતીને** પ્રણામ કરી અઢેઉ, ફાગ અને રાસુ એ ત્રણ છંદનો વારાફરતી ઉપયોગ કરી કવિએ આ કૃતિ રચી છે. વિશેષમાં ૯૧મી ગાથાનો પૂર્વાર્ધ જોતાં કવિએ પોતાનું નામ ખૂબીથી સૂચવ્યું છે એમ જણાય છે. આ પૂર્વાર્ધ નીચે મુજબ છે:—

"કય અક્ષર જિમ બે તિહિં મિલીયા, સુંદર પરમ પ્રસિઉં
મિલીયા દુઃખ વર્જિત વિલસંતિ"

### [૮] સ્થૂલિભદ્રફાગ : કર્તા સોમસુંદરસૂરિ

"જૈ. સા. સં. ઈ" (પૃ. ૪૮૭) પ્રમાણે આ ફાગ **આરાધનારાસના** કર્તા **સોમસુંદરસૂરિએ** વિ. સં. ૧૪૮૧માં રચેલો છે. ગુજરાતી સાહિત્યમાં ગદ્ય અને પદ્ય એમ બંને પ્રકારનું સાહિત્ય રચનારા જે ઘણા થોડા લેખકો છે એમાં આ સૂરિનું લગભગ પ્રથમ સ્થાન છે. વિ. સં. ૧૪૫૭માં એમને 'સૂરિ' પદ મળ્યું હતું. એઓ વિ. સં. ૧૪૯૯માં કાલધર્મ પામ્યા.

### [૯] દેવરત્નસૂરિફાગ : કર્તા દેવરત્નસૂરિના શિષ્ય

"જૈ. સા. સં. ઈ." (પૃ. ૪૮૭)માં આ ફાગ વિ. સં. ૧૪૯૯માં **દેવરત્નસૂરિના** કોઈ શિષ્યે રચ્યાનો ઉલ્લેખ છે. આ ફાગ **જૈન ઐતિહાસિક ગૂર્જર કાવ્ય સંચયમાં** દશમી કૃતિ તરીકે છપાયો છે. એનો સાર આ જ પુસ્તક (પૃ. ૮૬)માં અપાયો છે.

### [૧૦] ભરતેશ્વરચક્રવર્તીફાગ : કર્તા અજ્ઞાત

આ વીસ કડીની કૃતિ છે. એની પહેલી બે લીટી અને છેલ્લી ચાર લીટીઓ **જૈન ગૂર્જર કવિઓ** (ભા. ૩, ખં. ૧, પૃ. ૪૨૧)માં અપાયેલી છે. ત્યાં આ કૃતિને **વિક્રમની પંદરમી સદીની** કૃતિ ગણી છે. આ ફાગ **સુમંગલાના** પુત્ર ચક્રવર્તી ભરત રાજાને ઉદ્દેશીને રચાયેલો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



[૧૧] નેમિનાથફાગ : કર્તા સમધર

આ પંદર કડીનું કાવ્ય છે. આની પહેલી બે અને છેલ્લી ચાર લીટીઓ જૈન ગૂર્જર કવિઓ ( ભા. ૩, ખં. ૧, પૃ. ૪૨૧–૨ )માં અપાયેલી છે. તેમાંથી પહેલી અને છેલ્લી બે લીટીઓ હું અહીં આપું છું, કેમકે એ દ્વારા કર્તાનાં 'સમુધર' તેમ જ 'સમધર' એ બે નામ હોવા વિષે તેમ જ આ રચના સરસ્વતી અને અંબિકાને પ્રણામ કરી 'ફાગુ' છંદમાં ખેલવા માટે કરાયેલી છે એ બાબત જાણવા મળે છે:—

" સરસતિ સામણિ પણમવિ, નમવિ અંબિક હિયઇ,
' ફાગુ ' છંદિ સમુધર ભણઇ, નેમિચરિઉ નિસુણેવિ. ૧ "
" સમધર ભણઇ સોહાવણઉ, ફાગુ ખેલઉ સુવિચાર,
અરે નિસદિન ન મેલ્હઉ, નેમિ મુક્તિ–દાતારો (રુ) ૧૫ "

આ ફાગ વિક્રમની પંદરમી સદીની કૃતિઓમાં નોંધાયો છે.

[૧૨] કીર્તિરત્નસૂરિફાગુ : કર્તા અજ્ઞાત

શ્રી. શંકરદાન શુભૈરાજ નાહટાદ્વારા પ્રકાશિત ઐતિહાસિક જૈન કાવ્ય સંગ્રહના પૃ. ૪૦૧–૨માં આ ફાગુનો ત્રુટકપણે અંતિમ ભાગ છે. બે લીટીની ૨૮મી કડી પછી 'ભાસ' એવા શીર્ષકપૂર્વક બે લીટીની ૨૯મી કડી, ત્યાર બાદ ચચ્ચાર લીટીની ૩૦મી, ૩૧મી અને ૩૨મી કડી, પછી 'ભાસ' એવા શીર્ષકપૂર્વક બે લીટીની ૩૩મી કડી અને ત્યાર પછી ચચ્ચાર લીટીની ૩૪મી, ૩૫મી અને ૩૬મી એમ ત્રણ કડીઓ અપાયેલી છે. આના પછી નીચે મુજબનો ઉલ્લેખ છે:—

" इति श्रीकीर्तिरत्नसूरिवराणां फागु समाप्तः ॥
॥ छः ॥ शुभं भवतु श्रीसंघस्य ॥ छः ॥
॥ लिखितं जयध्वजगणिना ॥

આ ફાગુમાં 'ખરતર' ગચ્છના કીર્તિરત્નસૂરિના ગુણ ગવાયા છે. જિનભદ્રસૂરિએ કીર્તિરત્ન ઉપાધ્યાયને ' આચાર્ય ' પદવી આપી ' કીર્તિરત્નસૂરિ ' એવું એમનું નામ પાડ્યું. જેમના ઉપદેશથી વિ. સં. ૧૪૯૦માં છંદોऽનુશાસનવૃત્તિ તાડપત્ર ઉપર લખાઈ તે જિનભદ્રસૂરિ તે આ જ હશે. જો એમ હોય તો કીર્તિરત્નસૂરિ પંદરમી સદીના ગણાય. આ ફાગુ આ હિસાબે આ સદીના ઉત્તરાર્ધની કૃતિ ગણાય. આ આધારે કે કોઈ અન્ય કારણે દશમા પાના ઉપર સંપાદકોએ એને ૧૫મી સદીના શેષાર્ધની કૃતિ ગણાવી છે.

આ ફાગુના કર્તાનું નામ અપાયેલું નથી. કદાચ એ જયધ્વજગણિએ પણ રચી હોય. આ ફાગુની અંતિમ કડી નીચે મુજબ છે:—

" એ ફાગુ ઉછરંગિ રમઈ, જે માસ વસંતે ।
તિહિ મણિ નાણુ પહાણુ કિત્તિ મહિયલ પસરંતે ॥૩૬॥ "

આ છેલ્લી પંક્તિમાં કર્તાએ પોતાનું નામ સૂચવ્યું હોય એવો પણ શક જાય છે. અત્યારે તો આથી વિશેષ હું કહી શકું તેમ નથી. આ 'ફાગુ' કાવ્ય "જૈન ગૂર્જર કવિઓ" માં નોંધાયેલું હોય એમ જણાતું નથી.

[૧૩] સુરંગાભિધાન નેમિનાથફાગ : કર્તા ધનદેવગણિ

ધનદેવગણિએ વિ. સં. ૧૫૦૨માં આ કાવ્ય રચ્યું છે. જૈ. સા. સં. ઇ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(પૃ. ૫૨૧)માં આનું નામ "સુરંગાભિધાન નેમિફાગ" અપાયું છે. આ પૃષ્ઠમાં આનું એક પદ્ય નીચે મુજબ છેઃ—

" દેવી દેવી નવી ફવીશ્વર તણી વાણી અમીસારણી
વિદ્યાસાયરતારણી મલ ધણી હંસાસણી સામિણી
ચંદા દીપતિ જીપતિ સરસતિ મઈ વીનવી વીનતી
બોલું નેમિકુમાર કેલિની રતિ ફાગિઇં કરી રંજતી "

## [૧૪] વસંતવિલાસ (ફાગુ) : કર્તા રત્નાકર (?)

ઈ. સ. ૧૮૯૨માં "ગુજરાત શાળાપત્ર"ના ૩૧મા પુસ્તકમાં સ્વ. કેશવલાલ ધ્રુવે આ ફાગુ પહેલી વાર પ્રકટ કર્યું હતું અને ત્યારબાદ ઈ. સ. ૧૯૨૭માં "પંદરમાં શતકમાં પ્રાચીન ગુર્જર કાવ્ય"માં પૃ. ૧૫–૨૩માં આ કાવ્યના ૮૬ શ્લોકો પ્રાચીન ગુજરાતી ભાષામાં અને સંસ્કૃત–પાઇય પદ્યો પૃ. ૧૪૫–૧૫૮માં એમણે સંપાદિત કર્યાં હતાં. આ કાવ્યની વિ. સં. ૧૫૦૮માં આચાર્ય રત્નાગરને હાથે લખાયેલી પ્રતિ મળી છે. લખાયેલી–નો અર્થ 'રચાયેલી' એમ ન માનનાર આ કાવ્યનો રચનાસમય વિ. સં. ૧૫૦૦ની આસપાસનો ગણે છે. આ મધ્યકાળનું શ્રેષ્ઠ ઋતુકાવ્ય ગણાય છે. "શ્રી ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક" (પુ. ૧, અં. ૪, પૃ. ૪૩૦–૪૩૨)માં શ્રી. કનૈયાલાલ મુનશીએ "નરસિંહ યુગના કવિઓ"એ નામના પોતાના લેખમાં આ ફાગુ કાવ્યની કેટલીક કડીઓ ગુજરાતી અર્થ સહિત આપી છે. તેઓ ૪૩૨મા પૃષ્ઠમાં કહે છે કે "આ કાવ્ય મૂળ ત્રણ ભાષામાં છે. પહેલો શ્લોક સંસ્કૃત, તેની નીચે પ્રાકૃત ગાથા, અને તેની નીચે ગુજરાતી ટુંક, એ પ્રમાણે આખું કાવ્ય ત્રણ ભાષામાં છે......ગુજરાતી ટુંકો ૮૬ છે......નેમિનાથને ઉદ્દેશીને રચાયેલું એક કાવ્ય બરાબર આને મળતું ત્રણે ભાષામાં છે."

ઉપર્યુક્ત વિ. સં. ૧૫૦૮ વાળી પ્રતિ સચિત્ર છે અને અત્યારે તો તે વૉશિંગ્ટનના Freer Gallery of Artમાં છે.

વસંતવિલાસના કર્તા કોણ છે તે જાણવામાં નથી. એ જૈન નથી એમ સ્વ. કેશવલાલ ધ્રુવે સૂચવ્યું છે. જ્યારે કેટલાક એને જૈન ગણે છે. શ્રી સારાભાઈ નવાબે આ જૈન છે એ સિદ્ધ કરવા કેટલીક દલીલો "જૈન સત્ય પ્રકાશ" (વ. ૨, અં. ૩, પૃ. ૧૧૪–૧૧૮)માં આપી છે. વિશેષમાં આ સચિત્ર પ્રતિનાં ચિત્રોનો પ્રથમ પરિચય શ્રી. રવિશંકર રાવળે "હાજી મહમ્મદ સ્મારક ગ્રંથ"માં કરાવ્યાનો એમણે ઉલ્લેખ કર્યો છે, અને ત્યાર પછી એના શ્રી. નાનાલાલ સી. મહેતાએ આ ચિત્રોને અંગે ત્રણ લેખો અન્યાન્ય સામાયિકમાં લખ્યાનો નિર્દેશ કર્યો છે.

જૈન ચિત્ર કલ્પદ્રુમમાં "ગુજરાતની જૈનાશ્રિત કળા અને તેનો ઇતિહાસ" એ લેખનાં પૃ. ૪૪–૪૮ માં જે કારણો અપાયેલાં છે તે ઉપરથી સ્વ. મોહનલાલ દલીચંદ દેશાઇએ જૈન ગુર્જર કવિઓ (ભા.૩, ખં.૧, પૃ.૪૫૫)માં નીચે મુજબ ઉલ્લેખ કર્યો છેઃ—

"આમ અનેક કારણો છે કે જે પરથી [૧]આ કૃતિ ખુદ રત્નાકરસૂરિકૃત હોય એમ પ્રાયઃ પ્રતીત થાય છે."

---

૧ વસંતવિલાસ કે જેની વિ સં. ૧૫૦૮માં લખાયેલી પ્રતિ મળે છે, તે આ કૃતિ સિદ્ધિરત્નશિષ્ય હર્ષરત્ને વિ. સં. ૧૬૯૬ માં રચેલ નેમજિનવસંતવિલાસથી ભિન્ન છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"સ્વ. બાબૂ શ્રી બહાદુરસિંહજી સિંઘી સ્મૃતિગ્રંથ–ભારતીય વિદ્યા (વર્ષ ૩, અંક ૧) –નિબન્ધસંગ્રહ"માં **શૃંગારશત** નામનું એક પ્રાચીન ગુજરાતી કાવ્ય છપાયેલું છે. એના પરિચયમાં ૨૧૧મા પૃષ્ઠમાં એ કાવ્યને ઉદ્દેશીને કહેવાયું છે કે આની ભાષા "વસન્ત વિલાસની ઘાટીની" લગભગ છે. એ વિ. સં. ૧૩૫૦ અને ૧૪૫૦ની વચ્ચે રચાયેલું છે. વિશેષમાં એ "વસંતવિલાસની જ પદ્ધતિનું અને વર્ણનાનું અનુકરણ કરતું" કાવ્ય છે.

"વસંતવિલાસ, એક પ્રાચીન ગુજરાતી ફાગુ" એવા શીર્ષક પૂર્વક આ ફાગુની ૮૪ ગુજરાતી કડીઓ, બીજા પરિશિષ્ટ તરીકે એને અંગેનાં સંસ્કૃત અને પાઇયમાં રચાયેલાં ૮૩ પદ્યો અને તેનાં મૂળનો હસ્તલેખ, પ્રથમ પરિશિષ્ટમાં તેમજ ચોથા પરિશિષ્ટમાં ગુજરાતી ફાગુનાં પાઠાંતરો, પાંચમા પરિશિષ્ટમાં સંસ્કૃત અને પાઇય પદ્યોનાં પાઠાંતરો, ત્રીજા પરિશિષ્ટ તરીકે **સોની રામ** દ્વારા બાવન પદ્યોમાં ગુજરાતીમાં રચાયેલ વસંતવિલાસ તેમ જ અંગ્રેજી પ્રસ્તાવના અને ટિપ્પણો તથા શબ્દકોશ એ વિવિધ સામગ્રી પ્રા. **કાંતિલાલ વ્યાસે** સંપાદિત કરેલ અજ્ઞાતકર્તૃક (?) **વસંતવિલાસમાં** છે. આ સંપાદન જૂની ગુજરાતી ભાષાના અભ્યાસીને ઉપયોગી છે, પણ એ ભાષાથી અપરિચિત જનો એનો રસાસ્વાદ ભાગ્યે જ લઈ શકે તેમ છે. આથી જેમ સ્વ. **ડાહ્યાભાઇ દેરાસરીએ** "કાન્હડદે પ્રબંધ"નો અર્વાચીન ગુજરાતીમાં અનુવાદ આપ્યો હતો તેમ શ્રી **રજનીકાન્ત ભટ્ટે** આ વસન્તવિલાસનો દોહરામાં અનુવાદ આપ્યો છે. શ્રી. **ઉમાશંકર જોષીએ** એને અંગે પંદર પૃષ્ઠનું "રસદર્શન" લખ્યું છે. આમાં પૃ. ૧૫–૧૬ માં તેઓ લખે છે કે "એક સૂચક હકીકત એ છે કે પ્રસ્તુત કૃતિમાં નાયક તરીકે કૃષ્ણનો સમાદર નથી એટલે **તે જૈનતરની** જ **હોવાના સંભવને** પણ અવકાશ છે. નેમિનાથ કે સ્થૂલિભદ્ર જેવાનું આલંબન લેતાં બધું ડાહ્યું ડાહ્યું થઈ જાય, એટલે જૈન હોવા છતાં કવિએ કાવ્યની શક્યતાઓને સાચવી લેવા તેવા નાયકોને પડતા મૂકયા હોય, એ રીતે એ સંભાવના વિચારવા જેવી છે."

આ **વસંતવિલાસ–ફાગુ** અને જે ફાગુના કર્તા તરીકે **નયર્ષિં** કે **નતર્ષિંને** શ્રી. **મુનશીએ** ઓળખાવ્યા છે તે એક જ કવિની કૃતિ હોય તો ના નહિ એમ જે શ્રી. **કેશવરામ શાસ્ત્રી** કવિચરિત (૧, પૃ. ૫૭)માં કહે છે તેને હું મળતો થાઉં છું.

## [૧૫] એક ફાગ : કર્તા અજ્ઞાત

આ ફાગ ૬૭ પદ્યોનું કાવ્ય હોય અને એ પૈકી એનાં છેલ્લાં બે પદ્યો સંસ્કૃતમાં હોય એમ શ્રી. **કનૈયાલાલ માણેકલાલ મુનશીનો** "નરસિંહ યુગના કવિઓ" એ નામનો જે લેખ શ્રીફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક (પુ. ૧ અં. ૪)માં પ્રકાશિત થયો છે તેના ૪૩૩મા પૃષ્ઠ ઉપરથી જણાય છે. આ પૃષ્ઠ ઉપર નીચે મુજબનું પદ્ય છે:—

"કીરતિ મેરૂ સમાણુ કો નવિ લંઘઇ આણુ;
તઉ જગિ અતિ સુજાણુ, સારંગધર૦ ૪૯"

કીર્તિ 'મેરુ'ના જેવડી છે એવો અર્થ શ્રી. **મુનશીએ** કર્યો છે તે વાસ્તવિક છે, પરંતુ આ ઉપરથી આ ફાગના રચનારના ગુરુ 'કીર્તિમેરુ' નામના જૈન મુનિ કે જેમની વિ. સં. ૧૪૯૭ માં પોતે લખેલી નોંધમાંથી મળી છે તે હોવાની એમણે જે કલ્પના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરી છે તે સાચી નથી એમ આપણા કવિઓ (ભા. ૧, ૩૪૭)માં ઉલ્લેખ છે. આ કાવ્ય જૈનેતરનું અને તે પણ નતર્ષિ કે નયર્ષિ નામના કોઈકનું છે એમ માનવા માટે મને પ્રબળ કારણ જણાતાં નથી.

મોટે ભાટે-૬૫ કડીઓ જેટલા ગુજરાતી લખાણવાળા આ ફાગનો કર્તા તે જ વિ. સં. ૧૪૯૫ નો આસપાસમાં વસંતવિલાસ રચનાર હશે એમ શ્રી. મુનશી અનુમાન કરે છે અને તેનાં કારણ તરીકે કેટલી પંક્તિમાં શબ્દ તેમ જ ભાવ પણ એક છે તેમ જ કેટલીક પંક્તિમાં કેવળ ભાવની એકતા છે એમ અપાયાં છે. શ્રી. મુનશી ઉપર્યુક્ત વસંતવિલાસને જૈન કૃતિ ગણે છે. અને આ ફાગ "વસંત વિલાસનો જોટો" છે એમ તેઓ કહે છે અને બંનેની તુલના કરે છે. બંનેનો વિષય એક જ, વસંતવિલાસમાં સ્ત્રીપુરુષના વસંતવિહાર કે વિયોગનું વર્ણન છે, જ્યારે આ ફાગમાં કૃષ્ણ અને એની પટરાણીઓના વિલાસનું વર્ણન છે. પહેલામાં ઉછળતો શૃંગાર છે તો બીજામાં પ્રૌઢ છે. પહેલાને ગાતાં કંઈક સંકોચ થાય, જ્યારે બીજાને નિઃશંક ગાઈ શકાય.

ઉપર્યુક્ત ત્રૈમાસિક (પુ. ૧, અં. ૪, પૃ. ૪૩૪-૩૩૭)માં આ ફાગ લગભગ પૂરેપૂરો અપાયો છે. પહેલું, ૬૩મું, ૬૬મું અને ૬૭મું પદ્ય પૃ. ૪૩૩માં અને ૪૯મું, ૨જું અને ૩જું ૪૩૪મામાં છે. ૪૩૫મા પૃષ્ઠ ઉપર ૮, ૯, ૧૫-૧૭, ૨૧-૨૪, અને ૨૮ એ અંકવાળાં પદ્યો-કડીઓ છે. એવી રીતે ૪૩૬મા પૃષ્ઠ ઉપર ૨૯, ૩૦, ૩૩, ૩૭, ૪૦, ૪૧, ૪૩, ૪૪ ક્રમાંકવાળાં અને ૪૩૭મા પૃષ્ઠ ઉપર ૪૮, ૫૧, ૫૨, ૫૭, ૬૦, ૬૧ અને ૬૪ ક્રમાંકવાળાં પદ્યો છે. વળી ટિપ્પણરૂપે આ પદ્યોનો તે તે પૃષ્ઠ ઉપર અર્થ અપાયો છે. વિશેષમાં અઢૈયુ, આંદોલા, ફાગ, ફાગુ, રાસ અને રાસક એમ કડીઓનાં વિવિધ મથાળાં છે.

પ્રથમ સોરઠ અને પછી દ્વારિકાના વર્ણનથી શરૂ થતો આ ફાગ કૃષ્ણના પરાક્રમ અને વૈભવને સારી રીતે વર્ણવે છે. આના બીજા પદ્યમાં 'ફાગ' વડે નારાયણનું વર્ણન કરીશ એમ કવિ કહે છે. પ્રસ્તુત પંક્તિ નીચે મુજબ છેઃ--

"વનિસુ ફાગિ નરાયણ, રાય ણમઈ જસુ પાઇ."

આ ફાગકાવ્ય કોઈ સ્થળે પૂરેપૂરું પ્રસિદ્ધ થયું હોય એમ જાણવામાં નથી. જો એમ જ હોય તો એ કોઈ પ્રસિદ્ધ કરશે?

### [૧૬] નારીનિરાસફાગ : કર્તા રત્નમંડનગણિ

આ ફાગમાં બાવન કડીઓ છે. આની પહેલી બે અને છેલ્લી બે કડીઓ જૈન ગૂર્જર કવિઓ (ભાગ ૩, ખંડ ૧, પૃ. ૪૪૧)માં અપાયેલી છે. તેમાં પહેલી સંસ્કૃતમાં નીચે મુજબ છેઃ--

"सकलकमलाकेलीधामत्वदीयपदाम्बुज-
प्रणतिनिरतः श्रीनेमी स्मृतश्रुतदेवतः।
प्रथणरजसोल्लेखद्वेषप्रदान्त्यरसास्पदं
रचयति यतिः फागं नारीनिरास इति श्रुतम् ॥१॥"

અંતિમ કડી પણ સંસ્કૃતમાં છે અને એમાં કર્તાનું નામ છે. આ ફાગનો વિષય નેમિનાથે રાજીમતીનો કરેલો ત્યાગ એ છે. આના કર્તા રત્નમંડનગણિ છે. એમણે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**રંગસાગરફાગ** યાને **નેમિનાથનવરસફાગ** ત્રણ ખંડમાં રચ્યો છે. આ ઉપરાંત એમણે **મુગ્ધમેધાકરાલંકર** રચેલ છે. વિશેષમાં એમણે વિ. સં. ૧૫૧૭માં **ભોજપ્રબંધ** યાને **પ્રબંધરાજ** રચ્યો છે અને એ અરસામાં **ઉપદેશતરંગિણી** રચી છે. એઓ સોમસુન્દરસૂરિના ચરણકમળને વિષે ભ્રમરસમાન **નંદિરત્નના** શિષ્ય થાય છે.

**[૧૭] નેમિનાથનવરસફાગ યાને રંગસાગરનેમિફાગુ : કર્તા રત્નમંડનગણિ**

આની પૂર્વે રચાયેલાં **નેમિનાથફાગુ**થી આની વિશેષતા એ છે કે એમાં નેમિનાથના જન્મથી માંડીને એમનું ચરિત્ર અપાયું છે. એઓ શિવાદેવીના ગર્ભમાં રહ્યા ત્યારે એ માતાએ જે ચૌદ સ્વપ્નો જોયાં તેનું આમાં 'ફાગ' એવા શીર્ષકપૂર્વક દોહરામાં વર્ણન છે. આ સંપૂર્ણ કાવ્ય "કૉન્ફરન્સ હેરલ્ડ" નામના માસિકમાં છપાયા બાદ એ "શમામૃતમ્ (છાયાનાટક) અને નેમિનાથસ્તવન"ની સાથે વિ. સં. ૧૯૭૯માં મુનિ **ધર્મવિજય** દ્વારા સંપાદિત થઈ પ્રસિદ્ધ થયું છે. એ ઉપરથી આ કાવ્યની કેટલીક કડીઓ **આપણા કવિઓ** (પૃ. ૩૩૨-૬)માં ઉદ્ધૃત કરાઈ છે. વિશેષમાં આ કાવ્યના જે ત્રણ ખંડ પડાયા છે તેમાં અનુક્રમે કેટલી કડી કયા કયા છંદમાં છે તેનો પણ આ પુસ્તક (પૃ. ૩૩૬-૭) માં નિર્દેશ કરાયો છે. એ નિર્દેશ નીચે મુજબ છે:—

"આ કાવ્ય ત્રણ ખંડમાં વિભક્ત છે, જેમાં અનુક્રમે ૩૭, ૪૫ અને ૩૭ કડી છે, જેમાં ૧-૧ (અનુષ્ટુભ), ૧-૨ (શાર્દૂલ૦), ૧-૧૫ (શાર્દૂલ૦), ૧-૨૨ (શાર્દૂલ૦), ૧-૩૭ (શાર્દૂલ૦), ૨-૧ (અનુષ્ટુભ), ૨-૧૦ (આર્યા), ૨-૨૦ (અનુષ્ટુભ), ૩-૩૬ (અનુષ્ટુભ), ૩-૩૭ (શાર્દૂલ) અને ૩-૩૧, ૩૨ (રાસક), એ સંસ્કૃત ભાષામાં શ્લોકો મળે છે, જ્યારે ૨-૧૮ (શાર્દૂલ૦) અને ૨-૩૦ ગાથા એ મહારાષ્ટ્રી પ્રાકૃતમાં છે, બાકીનું કાવ્ય તત્કાલીન ભાષામાં છે. એ ઉપરાંત નીચે મુજબ છંદોવૈવિધ્ય આપવામાં આવ્યું છે:

## ખંડ ૧ લો

રાસક–કડી ૩-૪ ૧૬-૧૭, ૨૩-૨૪, ૩૨-૩૩
આંદોલ–કડી ૫-૬, ૧૮-૧૯, ૨૫-૨૬, ૩૪-૩૫
ફાગુ–કડી ૭-૧૪, ૨૦-૨૧, ૨૭-૩૦, ૩૬
શાર્દૂલવિક્રીડિત–કડી ૩૧મી.

## ખંડ ૨ જો

રાસક—કડી ૨-૩, ૧૧-૧૨, ૨૧-૨૨, ૩૨-૩૩
આંદોલ—કડી ૪-૫, ૧૩-૧૪, ૨૩-૨૪, ૩૪-૩૫
ફાગ—કડી ૬-૯, ૧૫-૧૯, ૨૫-૨૬, ૨૮-૩૦, ૩૬-૩૭
શાર્દૂલવિક્રીડિત—કડી ૨૭ મી, ૩૧મી.
અઢઈઆ (=૫૬)–કડી ૩૮-૪૫

## ખંડ ૩જો

રાસક—કડી ૨-૩, ૯-૧૦, ૨૦-૨૧
આંદોલ—કડી ૪-૫, ૧૧-૧૨, ૨૨-૨૩, ૩૩-૩૪
ફાગુ—કડી ૬-૭, ૧૩ મી, ૧૬-૧૭, ૨૪-૨૯, ૩૫મી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાર્દૂલવિક્રીડિત--કડી ૧લી, ૮મી, ૧૮-૧૯
ભાસ--કડી ૧૪-૧૫."

આ ફાગની છપાવાયેલી આવૃત્તિમાં એના કર્તા તરીકે **સોમસુન્દરસૂરિ**નો ઉલ્લેખ છે અને તે એના અંતમાંના પદ્યમાં જે 'સોમસુન્દર' શબ્દ વપરાયેલો છે તેને આભારી હોય એમ લાગે છે. **આપણા કવિઓ**માં પણ કર્તા તરીકે આ સૂરિનો જ નિર્દેશ છે, પણ **જૈન ગૂર્જર કવિઓ** (ભાગ ૩, ખંડ ૧, પૃ. ૪૩૯)માં કર્તા તરીકે **સોમસુન્દરસૂરિ**ના શિષ્ય સાધુરાજ **નંદિરત્ન**ના શિષ્ય **રત્નમંડનગણિ**નો ઉલ્લેખ છે અને તે આ ફાગના અંતમાંની પુષ્પિકામાં **રત્નમંડનગણિ**નું કર્તા તરીકે નામ જોતાં સાધાર જણાય છે. પૃ. ૪૪૦માં આ ફાગનો કેટલોક ભાગ અપાયો છે. વિશેષમાં પૃ. ૪૩૯માં આ ફાગનું નામ **નેમિનાથનવરસફાગ** એવા નામાન્તરપૂર્વક અપાયું છે. જૈ. સા. સં. ઇ. (પૃ. ૪૮૮)માં **નેમિનાથનવરસફાગ**નો, **સોમસુન્દરસૂરિ**ના શિષ્ય **રત્નમંડનગણિ**ની કૃતિ તરીકે ઉલ્લેખ છે; પણ એ ભ્રાન્ત છે. ખરી રીતે શિષ્યને બદલે શિષ્યના પ્રશિષ્ય જોઈએ. એવી રીતે **નંદિરત્ન** તો **રત્નશેખરસૂરિ**ના શિષ્ય છે (જુઓ જૈ. સા. સં. ઇ. પૃ. ૫૧૫), નહિ કે **સોમસુન્દરસૂરિ**ના.

### [૧૮] નેમિનાથફાગુ : કર્તા પદ્મ

આ ચૌદ કડીનું ફાગુકાવ્ય છે એનો રાગ 'મારૂણિ' છે. વિ. સં. ૧૫૧૯માં લખાયેલી હાથપોથીમાં આ ફાગુ મળે છે. એના કર્તા **પદ્મ** છે. એમણે **સાલિભદ્રકક્ક** અને **દુહામાતૃકા** રચેલ છે. **જૈન ગૂર્જર કવિઓ** (ભા. ૩, ખં. ૧, પૃ. ૪૦૬-૭)માં આ ફાગુની પહેલી અને છેલ્લી બે કડીઓ અપાયેલી છે.

### [૧૯] હેમવિમલસૂરિફાગ : કર્તા હંસધીર

આ ફાગ **જૈન ઐતિહાસિક ગૂર્જર કાવ્યસંચય**માં સોળમી કૃતિ તરીકે છપાયેલ છે. એનો સાર આ પુસ્તક (પૃ. ૯૫-૯૬)માં અપાયો છે. વિ. સં. ૧૫૫૪ના શ્રાવણ માસમાં **દાનવર્ધન**ના શિષ્ય **હંસધીરે** આ ફાગ ૫૭ કડીઓમાં રચ્યો છે. ૧૦-૧૩ અને ૨૯-૩૫ એ ક્રમાંકવાળી કડીઓ 'અંદોલા'માં છે, જ્યારે ૧૪-૨૮ અને ૩૬-૫૭ એ ક્રમાંકવાળી કડીઓ 'ફાગ'માં છે.

આ ફાગુ પછી લગભગ પોણો સો વર્ષ સુધી કોઈ જૈન ગ્રંથકારે ફાગુકાવ્ય રચ્યું હોય તો તે જાણવા જોવામાં નથી. બાકી વિ. સં. ૧૫૭૭માં વિદ્યમાન ચતુર્ભુજ નામના અજૈન લેખકે એક 'ફાગુ' કાવ્ય રચ્યું છે. **ગુજરાતી સાહિત્યની રૂપરેખા** (પૃ. ૫૬)ના ત્રીજા ટિપ્પણમાં આ લેખકને "યુવાન ને છટાદાર એક 'ફાગુ' કાવ્યકાર" તરીકે ઓળખાવેલ છે.

### [૨૦] સ્થૂલભદ્રપ્રેમવિલાસફાગ : કર્તા જયવંતસૂરિ

"જૈ. સા. સં. ઇ." (પૃ. ૬૦૬) પ્રમાણે આ સૂરિનો કાવ્યકાલ વિ. સં. ૧૬૧૪ થા વિ. સં. ૧૬૪૩ સુધીનો છે. એમણે **સ્થૂલભદ્રપ્રેમવિલાસફાગ** રચેલ છે.

### [૨૧] સ્થૂલિભદ્રફાગધમાલિ : કર્તા માલદેવ

આ ૧૦૭ કડીનું કાવ્ય છે. વિ. સં. ૧૬૫૦માં લખાયેલી હાથપોથીમાં એ છે એ ઉપરથી એનો રચનાકાળ આથી પ્રાચીન ગણાય. **માલદેવ** એના કર્તા છે. એમણે વિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સં. ૧૬૫૨ પહેલાં **પુરંદરકુમારચોપાઈ** રચી છે. એઓ 'વડ' ગચ્છના **ભાવદેવસૂરિ**ના શિષ્ય થાય છે.

આ ફાગુની બબ્બે લીટીની પહેલી બે કડી અને છેલ્લી ત્રણ કડી **જૈન ગૂર્જર કવિઓ** (ભા. ૩, ખંડ ૧, પૃ. ૮૧૫)માં અપાયેલી છે. આના અંતમાં જે 'ધમાલિ' શબ્દ છે તે લબ્ધિકૃત **નેમિજિનફાગધમાલિ**નું તેમજ **જૈન ગૂર્જર કવિઓ** (ભા. ૩, ખં. ૧, પૃ. ૭૪૫)માં નોંધાયેલ વિ. સં. ૧૬૪૪માંના **આર્દ્રકુમારધમાલ**, વિ. સં. ૧૬૩૮ના **આષાઢભૂતિધમાલ**, અને **માલદેવે** વિ. સં. ૧૬૫૯ પહેલાં રચેલ **રાજુલ-નેમિનાથધમાલ**નું પણ સ્મરણ કરાવે છે.

જૈ. સા. સં. ઇ. (પૃ. ૬૧૩) પ્રમાણે આ **માલદેવ** અને **જયવંતસૂરિ** એક જ શતકમાં થયા છે.

## [૨૨] નેમિરાજુલફાગ : કર્તા મહિમામેરુ

**જૈન ગૂર્જર કવિઓ** (ભા. ૩, ખં. ૧, પૃ. ૯૬૫)માં આ ફાગ નોંધાયેલો છે. એની રચના વિ. સં. ૧૬૭૩ની આસપાસમાં 'ખરતર' ગચ્છના **સુખનિધાન**ના શિષ્ય **મહિમામેરુ**એ કરી છે. આ ફાગની પહેલી અને પંદરમી તેમજ સોળમી કડીઓ પૃ. ૯૬૫-માં અપાયેલી છે એ જોતાં આ ફાગ ૬૫ કડીનો નહિ, પણ ૧૬ કડીનો હોવો જોઇએ.

## [૨૩] શીલફાગ : કર્તા લબ્ધિરાજ

'ખરતર'ગચ્છના **ધર્મમેરુ**ના શિષ્ય **લબ્ધિરાજે** નવહરમાં વિ. સં. ૧૬૭૬માં આ ફાગ રચ્યો છે. આનું કોઈ અવતરણ જોવામાં આવ્યું નથી એટલે આ **સ્થૂલભદ્ર** વિષેનું કાવ્ય છે કે **નેમિનાથ**ને અંગેનું છે તે જાણવું બાકી રહે છે. વિશેષમાં જો એ **નેમિનાથ**ને અંગેનું કાવ્ય હોય તો શું **નેમિજિનફાગધમાલિ**થી એ અભિન્ન છે કે કેમ?

## [૨૪] નેમિજિનફાગ : કર્તા ગુણવિજય

'તપ'ગચ્છના **કમલવિજય**ના સેવક અને **વિદ્યાવિજય**ના શિષ્ય **ગુણવિજયે** વિ. સં. ૧૬૮૧માં ૯૫ કડીનો આ ફાગ રચ્યો છે. એની પહેલી બે કડીઓ અને છેલ્લી પાંચ કડીઓ **જૈન ગૂર્જર કવિઓ** (ભા. ૩, ખં. ૧, પૃ. ૯૪૭)માં અપાયેલી છે.

## [૨૫] બંભણવાડમંડન મહાવીરફાગસ્તવન : કર્તા ગુણવિજય

વિ. સં. ૧૬૮૧માં **નેમિજિનફાગ** અને વિ. સં. ૧૬૮૩માં '**વિજયસિંહસૂરિ-વિજયપ્રકાશ**'**રાસ** રચનારા અને **વિદ્યાવિજય**ના શિષ્ય **ગુણવિજયે** 'ફાગ' રાગમાં આ સ્તવન રચ્યું છે. આ ચોર્યાસી કડીનું સુંદર કાવ્ય છે. એની છેલ્લી કડી કળશરૂપ છે અને તે ચાર લીટીની છે, જ્યારે બાકીની બબ્બે લીટીની છે. **જૈન ગૂર્જર કવિઓ** (ભા. ૩, ખં. ૧, પૃ. ૯૫૦)માં પહેલી અને છેલ્લી ચાર ચાર કડીઓ અપાયેલી છે. આ કાવ્યનો વિષય બંભણવાડના શણગારરૂપી **મહાવીરસ્વામી**ના ચરિત્રનું નિરૂપણ છે.

## [૨૬] નેમિફાગ : કર્તા રાજહર્ષ

આ ત્રીસ કડીનો ફાગ છે, અને એ 'ખરતર'ગચ્છના **લલિતકીર્તિ**ના શિષ્ય **રાજહર્ષે** રચ્યો છે. એની પહેલી અને છેલ્લી કડી **જૈન ગૂર્જર કવિઓ** (ભા. ૩, ખં. ૨, પૃ. ૧૧૮૨)માં અપાયેલી છે. **લલિતકીર્તિ**એ વિ. સં. ૧૬૭૯માં **અગડદત્તમુનિરાસ** રચ્યો છે. આ ફાગના કર્તા તે એમના જ શિષ્ય હોય એમ લાગે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



### [૨૭] નેમિજિનરાસફાગ : કર્તા વિજયદેવસૂરિ

જૈન ગૂર્જર કવિઓ (ભા. ૩, ખં. ૧, પૃ. ૫૯૬)માં આની નોંધ છે. આ સિવાય આ સંબંધમાં કશી વિશેષ માહિતી મળતી નથી. અત્યારે તો આ ફાગના કર્તાને હું સત્તરમી સદીના ગણું છું.

### [૨૮] નેમિજિનફાગધમાલિ : કર્તા લબ્ધિ

આ અગ્યાર કડીનું ફાગુકાવ્ય છે. એ શુદ્ધ ગુજરાતીમાં નથી. એમાં મારવાડી અને હિન્દી અંશો છે. એ સરસ રીતે ગાઈ શકાય તેમ છે. એનો વિષય એના નામ દ્વારા સુવ્યક્ત છે. એના કર્તા લબ્ધિ છે, પણ એ કોણ છે તેનો નિર્ણય કરવો બાકી રહે છે એટલે આ કાવ્યને ૧૭ મી સદીનું માની લઈ એને અહીં કામચલાઉ સ્થાન આપ્યું છે. આ ફાગુની પહેલી અને છેલ્લી કડી અનુક્રમે નીચે મુજબ છે:—

"સારંગનયન સબે સખિ મિલકઇ, આઈ નેમ દુવારિ
કાહે છિપાત ફાગ અબ આયો, ખેલહોની કેસઇ ભારિ,
યાદોરાય ! ખેલન આઈઈ હો." ૧

"અત્તહિ રંગ ભરિ ફાગ મઈ ગાયો, પાયો પરમાણંદ
વદંત લબ્ધિ કર જોર્યા કઇ જિનબરમનકજચંદ યા૦ ૧૧"

આ સંપૂર્ણ ફાગુની નકલ મેં એક હાથપોથી ઉપરથી ઉતારી લીધી છે. તે આગળ ઉપર પ્રકાશિત કરાશે.

### [૨૯] અમરરત્નસૂરિફાગ: કર્તા ?

આ ફાગના નામ સિવાય વિશેષ માહિતી મને નથી. એનો ઉલ્લેખ "જૈન સત્ય પ્રકાશ" (વ. ૧૧, અં. ૪, પૃ. ૧૧૯)માં છે.

આ કૃતિઓ ઉપરાંત બીજાં પણ જૈન ફાગુકાવ્યો હોય એમ લાગે છે. "લીંબડીના જૈન જ્ઞાનભંડારની હસ્તલિખિત પ્રતિઓનું સૂચીપત્ર" જોતાં તેમાંથી નીચે મુજબની હકીકત મળે છે:—

(૧) ગુજરાતીમાં કર્તાના નામ વિનાનો નેમિજિનફાગ છે.–ક્રમાંક ૧૪૧૮

(૨) ઇન્દ્રસૌભાગ્યે ગુજરાતીમાં નેમિજિનફાગવસંતગર્ભિતસ્વાધ્યાય રચ્યો છે–ક્રમાંક ૧૪૧૯.

(૩) અજ્ઞાતકર્તૃક ગુજરાતી ફાગ–ક્રમાંક ૧૮૧૪

(૪) વિ. સં. ૧૭૬૩માં લખાયેલું અને ગુજરાતીમાં માણિક્યસૂરિએ રચેલું ફાગબદ્ધનેમિચરિત્ર.

ઇન્દ્રસૌભાગ્ય નામના એક ગ્રંથકાર અઢારમા શતકના પૂર્વાર્ધમાં થયા છે તે જ ઉપર્યુક્ત સ્વાધ્યાયના કર્તા છે કે કેમ તે જાણવું બાકી રહે છે.

વિ. સં. ૧૩૩૮માં શકુનસારોદ્ધાર રચનારનું નામ માણિક્યસૂરિ છે. શું એમણે ફાગબદ્ધનેમિચરિત્ર રચ્યું છે ?

આ અને આવા બીજા કેટલાક પ્રશ્નોના ઉત્તર આગળ ઉપર વિશેષ સાધન મળતાં વિચારાશે. આથી હાલ તુરત તો "ફાગુકાવ્યો" વિષે કેટલીક બાબતનો ઘસારો કરી અને આ કાવ્યોની અકારાદિક્રમે યાદી રજુ કરી આ લેખ પૂર્ણ કરીશ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૧) ગુજરાતીમાં ફાગુકાવ્યનો પ્રારંભ કરનાર જૈન મુનિ છે અને એ પ્રારંભ વિક્રમની ચૌદમી સદીની છેલ્લી પચ્ચીસીમાં થયો છે એમ ગુજરાતીમાં મળેલાં ફાગુ-કાવ્યો જોતાં જણાય છે.

(૨) અપભ્રંશમાં, પાઇયમાં કે સંસ્કૃતમાં કોઈ ફાગુકાવ્ય છે? અને જો હોય તો તે કેટલું પ્રાચીન છે?

(૩) નેમિનાથને અંગે જેટલાં ફાગુકાવ્યો છે એટલાં બીજા કોઈ જૈન તીર્થંકરને અંગે નથી. એવી રીતે મુનિરાજ સ્થૂલભદ્ર માટે સમજી લેવું.

(૪) શ્રીકૃષ્ણને અંગે જે ફાગ હોય તેના લેખક અજૈન જ હોય એમ નથી, કેમકે શ્રીકૃષ્ણનાં ચરિત્ર જૈન મુનિવરોએ પણ આલેખ્યાં છે. અને ગુણાનુરાગિતા માટે તો એમને દૃષ્ટાંતરૂપ ગણ્યા છે. વિશેષમાં એમનો ઉત્તમ પુરુષ, પ્રધાન પુરુષ, શલાકાપુરુષ ઇત્યાદિરૂપે નિર્દેશ કર્યો છે.

(૫) ફાગુનો વિષય વધારે પડતો શૃંગારિક હોય તો એના કર્તા જૈન મુનિ સંભવે જ નહિ એ માન્યતા ભૂલભરેલી છે, કેમકે જૈન ગૂર્જર કવિઓ (ભા. ૨, પૃ. ૪૧૪) ઉપરથી એ જાણી શકાય છે કે ઉદયરત્ન નામના મુનિને શૃંગારરસથી અતિપૂર્ણ કૃતિઓ રચવા બદલ એક વેળા સંઘાડા બહાર કરવામાં આવ્યા હતા. જે પ્રસંગે જે રસ જમાવવાનો હોય તે એક વાર જમાવી અંતે વૈરાગ્ય ભાવના તરફ જનતાને વાળવી એ પણ કોઇક વાર ગ્રહણ કરવા લાયક માર્ગ છે.

(૬) મારવાડ જેવા પ્રદેશમાં બીભત્સ ફટાણાં જેવાં ફાગકાવ્યો લોકમાં પ્રચલિત બનતાં એ તરફ બાલવર્ગને આકર્ષાતો જોઈ એને સન્માર્ગે વાળવા માટે 'ફાગુ' બંધમાં કાવ્યો રચવા જૈન મુનિઓ પ્રેરાયા હોય એમ લાગે છે. હાલમાં જે કેટલાક મુનિઓ નાટકીય ઢબના "સિનેમા"માંનાં ગાયનોના રાહનાં સ્તવનો રચે છે તે લગભગ આ અનુમાનને સમર્થિત કરે છે એમ કહેવામાં કોઈ વાંધો ખરો?

(૭) વિ. સં. ૧૫૫૫ થી લગભગ વિ. સં. ૧૬૧૩ સુધીમાં કોઈ જૈન ફાગુકાવ્ય રચાયું હોય એમ જણાતું નથી.

(૮) તમામ ફાગુકાવ્યોના સંગ્રહરૂપ સમીક્ષાત્મક આવૃત્તિ પ્રસિદ્ધ થાય તે દરમ્યાન જે પ્રસિદ્ધ ફાગુકાવ્યો હોય તે કટકે કટકે પ્રસિદ્ધ થાય અને કંઈ નહિ તો છેવટે એવાં કાવ્યો વિષે ટૂંકી નોંધ પણ પ્રસિદ્ધ કરાય તો કંઈક સેવા કરેલી ગણાશે.

## યાદી

| નામ | કર્તા | વૈક્રમીય રચનાવર્ષ |
|---|---|---|
| અમરરત્નસૂરિફાગ | ? | ? |
| એક ફાગ | અજ્ઞાત | લગભગ ૧૪૯૫ |
| " | " | ? |
| કીર્તિરત્નસૂરિફાગુ | " | ૧૫મી સદીનો ઉત્તરાર્ધ |
| જંબૂસ્વામીફાગુ | " | ૧૪૩૦ |
| જીરાઉલીપાર્શ્વનાથફાગુ | મેરુનન્દન | ૧૪૩૨ |
| થૂલભદ્દફાગુ | હલરાજ | ૧૪૦૯ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | |
|---|---|---|
| દેવરત્નસૂરિફાગ | દેવરત્નસૂરિના શિષ્ય | ૧૪૯૯ |
| નારીનિરાસફાગ | રત્નમંડનગણિ | ૧૫૧૭ની આસપાસ |
| નેમિજિનફાગ | ગુણવિજય | ૧૬૮૧ |
| ,, | અજ્ઞાત | ? |
| નેમિજિનફાગધમાલિ | લબ્ધિ | ? |
| નેમિજિન ફાગ વસંત ભભિંતસ્વાધ્યાય | ઇન્દ્રસૌભાગ્ય | ? |
| નેમિજિનરાસફાગ | વિજયદેવસૂરિ | ૧૭મી સદી |
| નેમિનાથનવરસફાગ યાને રંગસાગરનેમિફાગુ | રત્નમંડનગણિ | ૧૫૧૭ની આસપાસ |
| નેમિનાથફાગ | સમધર | ૧૫મી સદી |
| નેમિનાથફાગુ | રાજશેખરસૂરિ | ૧૪મી અને ૧૫મી સદીનો સંધિકાળ |
| ,, | જયશેખરસૂરિ | ૧૪૬૨ પૂર્વે |
| ,, | પદ્મ | ૧૫૧૯ |
| નેમિફાગ | રાજહર્ષ | ૧૭મી સદી |
| નેમિરાજુલફાગ | મહિમામેરુ | લગભગ ૧૬૭૩ |
| નેમીશ્વરચરિતફાગબંધ | માણિક્યસુંદરસૂરિ | લગભગ ૧૪૭૮ |
| ૭ફાગબદ્ધનેમિચરિત્ર | ,, | ? |
| 'ફાગુ' કાવ્ય | ૮ચતુર્ભુજ | સોળમી સદી |
| બંભણવાડમંડનમહાવીરફાગસ્તવન | ગુણવિજય | લગભગ ૧૬૮૧ |
| ભરતેશ્વરચક્રવર્તીફાગ | અજ્ઞાત | ૧૫મી સદી |
| વસંતવિલાસ | રત્નાકર (?) | લગભગ ૧૫૦૦ |
| ,, | ૯સોની રામ | |
| ૧૦શીલફાગ | લબ્ધિરાજ | ૧૬૭૬ |
| સ્થૂલિભદ્રફાગુ | જિનપદ્મસૂરિ | ૧૪મી સદીની છેલ્લી પચ્ચીસી |
| સુરંગાભિધાનનેમિનાથફાગ | ધનદેવગણિ | ૧૫૦૨ |
| સ્થૂલભદ્રપ્રેમવિલાસફાગ | જયવંતસૂરિ | ૧૭મી સદીનો પૂર્વાર્ધ |
| ૧૧સ્થૂલિભદ્રફાગ | સોમસુન્દરસૂરિ | ૧૪૮૧ |
| સ્થૂલિભદ્રફાગધમાલિ | માલદેવ | ૧૬૫૦ પહેલાં |
| હેમવિમલસૂરિફાગ | હંસધીર | ૧૫૫૪ |

અંતમાં વિશેષજ્ઞોને મારી સાદર વિજ્ઞપ્તિ છે કે અહીં કોઈ ક્ષતિ કે ન્યૂનતા જણાતી હોય તો તેઓ સપ્રમાણ એ મને સૂચવે

ગોપીપુરા, સુરત, મકરસંક્રાન્તિ, તા. ૧૪-૧-૪૬

૭, ૧૦ આને સ્વતંત્ર કૃતિ ગણવી કે કેમ એ જાણવું બાકી રહે છે.

૮-૯ આ બંને અજૈન છે.

૧૧ શું દેપાલે આ નામનો કે અન્ય કોઈ ફાગ રચ્યો છે? આવો પ્રશ્ન રત્નવલ્લભને અંગે પણ હું પૂછું?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સંક્ષિપ્ત શંખામ્નાય.

( અનુવાદક : પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજ શ્રી સિદ્ધિમુનિજી )

( આજકાલ વર્તમાનપત્રોનાં પાને વિજ્ઞાનથી સાબિત થતી જડ વસ્તુઓની અગાધ શક્તિઓનું પ્રાબલ્ય સાંભળતાં જગત ચકિત થઈ જાય છે, પણ ઘણા લાંબા કાળથી જૈન સિદ્ધાંત કહી રહ્યો છે. કે, ' જડ પરમાણુમાં પણ અનંત શકિત છે. ' આ શક્તિ પરમશ્રેયઃ સાધવામાં કવચિત્ પ્રયોજક બને છે, પણ તેમાં સાક્ષાત્ કારણ તો ચૈતન્ય શકિત જ હોય છે, તેથી તેનો જ વિકાસ કરવાને જગતના પરમશ્રેષ્ઠ પુરુષોએ ઉપદેશ કર્યો છે. તેઓ કહે છે કે, જડ શકિત બહુધા વિનાશને જ નોતરે છે, માટે તેનો ઉપયોગ કરતાં વ્યવહારમાં બહુ જ સાવચેત રહેવું જોઈએ. આધ્યાત્મિક પરમશ્રેયના ધ્યેયને સાધવામાં એ જડશકિતની પ્રયોજકતા હોય ત્યાં સુધી જ તેને ખીલવવાનું લક્ષ્ય મહાનુભાવ માનવનું હોવું જોઈએ, પણ તેને ઉલ્લંઘન કરીને તો નહીં જ. આથી જ એ શક્તિઓની સિદ્ધિના માટે આલેખાયેલા ઉલ્લેખો તેનો દુરુપયોગ ન થાય માટે ગુપ્ત રાખવામાં આવતા હતા અથવા તો અધૂરા અક્ષરોમાં તેનાં ટાંચણ કરી તેને આમ્નાયગત રાખવામાં આવતા હતા. મંત્ર, યંત્ર અને તંત્ર વિષયના ઉલ્લેખો આજ કારણથી આપણી નજરે અધૂરા જ પડે છે અને એ ઉલ્લેખોમાં આમ્નાયના શરણે જવાની વાતો થાય છે.

**मन्त्रहीनाक्षरं नास्ति, नास्ति मूलमनौषधम् ।**
**निर्द्रव्या पृथिवी नास्ति, आम्नामः खलु दुर्लभः ॥**

( મન્ત્રહીન અક્ષર નથી, ઔષધ વિનાનું મૂળ નથી, દ્રવ્ય વગરની ભૂમિ નથી. ફક્ત તે સમજવાને આમ્નાય–પરંપરાગત જ્ઞાનની દુર્લભતા છે. )

આવા પ્રકારનું જે કથન છે તેનો અભિપ્રાય પણ આમ્નાયના શરણે જ જડ શકિત-ઓનું જ્ઞાન થાય છે, એમ કહેવાનો છે.

શ્લોકમાં અક્ષર, મૂળ અને નિધાન વિષે જ કહેવામાં આવ્યું છે; પણ ઉપલક્ષણથી મણિ, રત્ન, શંખ, વનસ્પતિ, જલ, મૃત્તિકા, પાષાણ વગેરે સર્વ જડ વસ્તુઓની પણ અગાધ શકિતઓનું તેમાં સૂચન હોઈ તેના આમ્નાયની દુર્લભતા કહેવામાં આવી છે. વિજ્ઞાને આજે વગર આમ્નાયે તે શકિતઓમાંની કોઇ કોઈ પ્રકાશિત કરવાને જબ્બર શોધન આરંભ્યું છે. અને તેમાં અમુકાંશે સિદ્ધિ પણ મેળવી છે. પણ જગત જોઈ શકે છે કે, તેમાંથી મહતી ભયંકરતા ઉત્પન્ન થઈ ચૂકી છે. એ ભયંકરતાનો ભોગ પોતાને ન થવું પડે એટલા પૂરતી જ સૌને ભાવના હોય છે. પણ એ ભાવના ભાગ્યે જ સફળ થશે. અને એક વખત એવો પણ કદાચ આવે કે એ શોધનના સઘળાય પ્રયોગોને અને તેના જ્ઞાનને પરંપરાગત થતાં અટકાવવામાં આવે અથવા તો તેનો સમૂળ નાશ કરવામાં આવે તો તેમાં ભયભીત જગતને આશ્ચર્ય લાગશે નહી, કે જેવી રીતે જડ શક્તિઓના જ્ઞાનને મહાનુભાવોએ પૂર્વે અલ્પ આમ્નાયમાં કે આમ્નાયના ઉચ્છેદમાં લઈ જવાથી તે સમયના જગતને આશ્ચર્ય લાગ્યું ન હતું.

આજકાલની જેમ પછીથી નહિ, પણ પહેલેથી જ પાળ બાંધવાની નીતિરીતિના પરિણામે જ જડ શક્તિઓની સિદ્ધિના સાધન–આમ્નાયો મેળવવાની આજે મુશ્કેલી નડે છે. જ્યાં ત્યાં અક્ષરોથી લખેલો આમ્નાય મળે છે પણ તે પ્રાયઃ અધૂરો જ હોય છે, અને તેમાં વિશેષ આમ્નાયની અપેક્ષા હોય છે, કે જે કોઈ ભાગ્યશાળી મહાનુભાવને જ મળી શકે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આમ્નાય વેત્તાઓની યોગ્યતા વિષયક પરીક્ષામાંથી પસાર થવું સર્વને માટે સર્જિત હોતું નથી, છતાં પરમશ્રેયના ધ્યેયને લક્ષ્યમાં રાખી સૌ કોઈ પ્રયત્ન કરે અને જડ સિદ્ધિઓના આમ્નાયને મેળવવા મથે એ કર્તવ્ય તો પ્રાથમિક દશામાં છે જ. આ વિચાર સરણીને અનુસરી હું એવા જ એક જડ વિષયક શંખામ્નાયને અક્ષરના અધૂરા રૂપમાં સંક્ષેપથી રજુ કરું છું. મહાનુભાવો એનો વિસ્તાર અને વિશેષ વિધિ આમ્નાયથી સંપાદન કરે અને પ્રયોજક ભાવે પરમશ્રેય સાધવામાં તેનો ઉપયોગ કરે, એ જ સુમેચ્છા!–અનુવાદક )

**दक्षिणावर्तशंखमाह** ( દક્ષિણાવર્ત શંખ વિષે કહે છે )

**खीरोदहिसंभूयं, विभूसणं सिरिनिहाण रायाणं ॥**
**दाहिणवत्तं संखं, मंगलनिलयं सुरिद्धिकरं ॥ १ ॥**

( ક્ષીર સમુદ્રમાંથી ઉત્પન્ન થયેલો, શોભારૂપ, રાજાઓને લક્ષ્મીનું નિધાન, મંગલનું ઘર, સમૃદ્ધિનો કારક દક્ષિણાવર્ત શંખ છે. )

**वट्टं तिरेहकलियं, पंचमुहं तह य सोलसावत्तं ।**
**इअ संखं विद्धिकरं संखिणि दीहायहाणिकरी ॥ २ ॥**

( વૃત્ત, ત્રણ રેખાયુક્ત, પંચમુખ અને સોલ આવર્તને ધારણ કરે એવો શંખ વૃદ્ધિને કરનારો છે. શંખિણી દીર્ઘ આયુને ઘટાડનારી છે. )

**सिरिकणयमेहल-जुयं काऊण दुद्धीण्हाविऊण सया ।**
**मंतुच्चारणपुव्वं, चंदणकुसुमेहिं पूइज्जा ॥ ३ ॥**

( તેને સુંદર સોનાની મેખલા–કંદોરા–યુક્ત બનાવી દૂધે નિરંતર સ્નાન કરાવીને મંત્રના ઉચ્ચારણ પૂર્વક ચંદન કુસુમથી પૂજા કરવી. )

**पूजामन्त्रोऽयम्** ( આ પૂજાનો મંત્ર છે. )

**ॐ ह्रीँ श्रीँ श्रीधरकरस्थाय पयोनिधिजाताय लक्ष्मीसहोदराय ।**
**चिन्तितार्थसम्प्रदानाय श्रीदक्षिणावर्तशंखाय ॐ ह्रीँ श्रीँ जनपूज्याय नमः ॥**

( વિષ્ણુના હાથમાં રહેલો, સમુદ્રમાં જન્મેલો, લક્ષ્મીનો સહોદર, ચિંતિત અર્થને દેનાર, મનુષ્યોને પૂજ્ય શ્રી દક્ષિણાવર્ત શંખ તેને ૐ હ્રીઁ શ્રીઁ નમસ્કાર કરું છું )

**दक्खिणावत्तसंखो य, जस्स गेहम्मि चिट्ठई ।**
**लच्छी सयंवरा तस्स, जायइ मंगलं सया ॥ १ ॥**

( આ દક્ષિણાવર્ત શંખ જેના ઘેર રહે છે તેને પોતાની મેળે જ લક્ષ્મી આવીને વરે છે ને તેને નિરંતર મંગલ થાય છે.)

**जो नियभाले तिलयं, खिविऊण तत्थ चंदणं कुणइ ।**
**तस्स न पहवंति सया, अहि-साइणि-विज्जपमुहाणि ॥ २ ॥**

( તે શંખમાં એટલે શંખના સ્નાત્ર જલમાં ચંદન નાખી તેનાથી જે પોતાના કપાળે તિલક કરે તેને કોઈ વખતે સાપ, શાકિની, વીજળી વગેરે (ઉપદ્રવ) થતા નથી.

**नरनाहगिहे संखं, वुड्ढिकरं रज्जरट्ठभंडारे ।**
**इयराण य रिद्धिकरं, अंतिमजाइण हानिकरं ॥ ३ ॥**

( આ શંખ રાજાને ઘેર રાજ્ય, રાષ્ટ્રને ભંડારની વૃદ્ધિ કરનારો થાય, બીજી વૈશ્યાદિ પ્રજાને ઋદ્ધિ કરનારો થાય છે, પણ અંતિમ હલકી જાતીવાળાને હાનિકર થાય. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



दाहिणवत्ते संखे, खीरं खविऊण पियइ जा नारी ।
वंझा वि सा पसुयई, गुणलक्खणसंजुयं पुत्तं ॥ ४ ॥

(દક્ષિણાવર્ત શંખમાં દૂધ નાખીને જે સ્ત્રી પીએ, તે વાંઝણી હોય તો પણ ગુણવાન ને લક્ષણવાન પુત્રને જન્મ આપે.)

શંખવિધિ સમાપ્ત

# શિવજહાજ–તીર્થાધિરાજ

[ લેખકઃ—પૂજ્ય મુનિમહારાજ શ્રીમહિમાપ્રભવિજયજી ]

જેમ મહાપુરુષોએ સંસારને સાગરની ઉપમાવડે અલંકૃત કરેલ છે; તેમ પવિત્ર તીર્થભૂમિઓને 'એ તીરથ તારું' ઇત્યાદી વચનોથી 'તારુને' નૌકાની ઉપમાવડે અલંકૃત કરેલ છે પણ સંસારને સાર સમજી, પુદ્ગલવિલાસની તમન્નાવાળા પ્રાણીઓ પણ આવી સુપરિચિત વસ્તુને પણ ન સમજી શકે અથવા શાંતિના નિકેતન ન બને એ બનવા જેવું છે.

સાંસારિક પરિશ્રમથી કંટાળેલા માનવીના મગજને પરિશ્રમ રહિત કરી; શાંતિનો સાચો ખ્યાલ કરાવનારાં અનેક સાધનો પૈકી તીર્થયાત્રા પણ એક અજોડ સાધન છે. આ વસ્તુ ખરેખર આજના અનુભવે સચોટ કરી આપી છે.

પ.પૂ. આચાર્ય મહારાજ શ્રી વિજયામૃતસૂરીશ્વર મહારાજ તથા પ. પૂ. આચાર્ય મહારાજ શ્રી વિજયલાવણ્યસૂરીશ્વરજી મહારાજ સાહેબો સાથે કંદબપુરીથી કંદબગિરિવરની યાત્રા માટે પ્રયાણ પગલાં ભર્યાં, લગભગ અરધો માઇલ પસાર થતાં ગિરિવરની વિશ્રામ તળેટી આવી. ત્યાંથી આગળ ભક્તિરસની આંતર પ્રેરણાથી ઊંચા એવા ગિરિવરનાં સોપાનો પાદયુગલે પસાર કરવા શરૂ કર્યાં. ક્રમશઃ માઇલ ચડતા ગિરિવરના ઉત્તુંગ શિખર પહોંચ્યા અને પૂ. કદંબગણધર ભગવંતની પુનિત પાદુકાનાં દર્શન કર્યાં. ત્યારબાદ તે દેવકુલિકાની વિશાલ કુટ્ટિમપર ઊભા રહી પરીતઃનિરીક્ષણ કર્યું, બસ નિરીક્ષણ કરતાંની સાથે જ સિદ્ધગિરિ, હસ્તગિરિ, તાલધ્વજગિરિ તથા ભાડવાનો ડુંગર વગેરે તીર્થભૂમિઓ નૌકાની જેમ ભાસવા લાગી, તેની આસપાસનો પ્રદેશ પણ સમુદ્રનું ભાન કરાવવા લાગ્યો. વિષમોન્નત ભાવે શોભતી નાની ટેકરીઓ–વિશ્વવારિધિના ઘોડાપુરનું ભાન કરાવતી હતી; સુરભિ એવા રેસાળાની તૃણશય્યા, શેવાલપટ્ટનો ખ્યાલ કરાવતાં હતાં; શેત્રુંજીનાં શ્વેતજલો સાગરના ફીણનો ખ્યાલ કરાવતાં હતાં; ઉત્તર દિશામાં શત્રુંજય ગિરિવરને રાજનૌકાનો અભિષેક કરાયેલ જણાતો હતો; જેના મુખ્ય સુકાની આદીશ્વરવિભુ અને નાના સુકાનીઓ પુંડરીક ગણધર ભગવંત વગેરે હતા; જેનાં મંદિરનાં ઉચ્ચ શિખરો કુપસ્થંભનું અને અંદરના કિલ્લાઓ સઢનું ભાન કરવાતા હતા. પરીતઃ શોભતા ભાડવાનો ડુંગર, તાલધ્વજ ગિરિ, હસ્તગિરિ વગેરે લઘુ નૌકાનાં સ્થાન ભોગવતા હતા. ગિરિવરનો પરિવાર પણ સહચારી ભાવને ભજી શત્રુંજયની શોભામાં ઓર વધારો કરી રહેલ હતો. આ પવિત્ર શત્રુંજય ગિરિવરની જેમ કદંબગિરિવરનું પણ મહાનૌકા તરીકેનું ભાન થતું હતું.

આ પરમ પવિત્ર તીર્થાધિરાજ રૂપી મહાનૌકામાં આરૂઢ થઈ મુક્તિબંદરે પહોંચવા યાત્રિકરૂપી મુસાફરો શુભ ભાવના રૂપી ભાડું આપી આરૂઢ થાય છે અને વળી જેવા રૂપમાં ભાડું આપ્યું હોય તેવા રૂપમાં માર્ગ કાપી આગળ વધે છે.

જે ભવ્ય આત્માઓને આ વિષયરૂપી જલથી ભરેલ અને કષાયરૂપી મગરથી ભયંકર એવા ભવજલધિને પેલે પાર પહોંચવા અભિલાષા હોય, તેઓ અવશ્ય આ મહાનૌકારૂપ તીર્થાધિરાજનો આશ્રય લે એ જ અભિલાષા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# निर्भ्रान्त–तत्त्वालोक :

[ दान–शील–तप–भावनादिधार्मिकविशिष्टव्याख्यानरूपो निबन्धः]

प्रणेता:–पूज मुनिमहाराज श्रीवल्लभविजयजी, बीकानेर।

करामलकवद्विश्वं कलयन्तं शिवश्रिया ।
शरण्यं सर्वलोकानां सर्वज्ञं समुपाश्रये ॥
अनन्तलब्धिनिधये स्याद्वादाम्बुजभास्वते ।
सर्वविद्यैक गुरवे गौतमस्वामिने नमः ॥

**भावार्थः**—कल्याणरूपी श्री ( सम्पत्ति या शोभा ) से संसार को करतलमें स्थित आमलेके जैसे कलना ( गणना ) करनेवाले, सभी लोगों के शरण लायक सर्वज्ञ भगवानका अच्छी तरह आश्रय लेता हुं। अनन्त लब्धि ( ज्ञान ) के भण्डार, स्याद्वादरूपी कमल के विकास करने में सूर्यसमान सब विद्याओं के एक ही गुरु श्री गौतमस्वामी को प्रणाम हो।

अथ विश्वदुरध्वानां साधूनां सितवाससाम् ।
नामार्हद्धर्मधतॄणां दयादानादिदुर्हृदाम् ।
अधिकेष्वपि सूत्रेषु द्वात्रिंशत्सूत्रमानिनाम् ।
द्वादशाङ्गदुरूहार्थतात्पर्यभ्रान्तचेतसाम् ॥
कृते निश्रेयसपथप्रदर्शी युक्तिसंगतः ।
निर्भ्रान्तितत्त्वालोकाख्यो निबन्धोऽयं प्रणीयते ॥

विश्वकुपथ में चक्कर खानेवाले, दया दान आदि सत्कार्य के दुश्मन, अधिक ( उपलब्ध ४५ ) आगमों–सूत्रों–के होते हुए भी केवल ३२ सूत्रों के माननेवाले, द्वादशांगी के कठिन तात्पर्यार्थ में भ्रान्त चित्तवाले श्वेत वस्त्र धारण करनेवाले नामधारी जैन साधुओं के लिये कल्याणपथ को दिखानेवाला युक्ति आगम प्रमाण से पूर्ण यह 'निर्भ्रान्त–तत्त्वालोक ' नामका निबन्ध रचा जाता है।

जीव, अजीव, पुण्य, पाप, आश्रव, संवर, निर्जरा, बन्ध और मोक्ष ये नव तत्त्व हैं। सन्देहरहित इन नवों तत्त्वों के प्रकाश को "निर्भ्रान्त–तत्त्वालोक" कहते हैं। अथवा सम्यक् ज्ञान–दर्शन–चारित्र के तत्त्वों का जिसमें प्रकाश ( निरूपण ) हो उसे 'निर्भ्रान्त तत्त्वालोक' कहते हैं। किंवा मिथ्या–ज्ञान–दर्शन–चारित्र का खण्डन एवं जीवरक्षा अनुकम्पादान आदि के विरोधी सिद्धान्तों का सयुक्तिक सोपपत्तिक शास्त्रीय प्रमाणों के द्वारा इस ग्रन्थ में खण्डन किया जाता है इस लिए इसका नाम "निर्भ्रान्त तत्त्वालोक" रक्खा है।

भक्त्या यत्स्मरणं सुशान्तकरणं दुष्कर्मनिःसारणं
माङ्गल्याभरणं विपत्तिहरणं हृत्स्वच्छताकारणम् ।
निर्भ्रान्तं शुचि सर्वलोकशरणं शोकाम्बुधेस्तारणम्
स श्री वीरजिनस्तनोतु भवतां चित्ते मतिं निर्मलाम् ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



भक्तिपूर्वक जिनका स्मरण (नामोच्चारण, जप) सुख शान्ति को करता है, दुष्ट कर्मों को निकालकर बाहर फेंकता है, मंगल के अलंकार है, विपत्तिओं के हरण करनेवाला है, शंकारहित है, पवित्र है, सब लोकके शरण है, शोकरूपी समुद्रसे अर्थात् सांसारिक जनन मरण क्लेशरूप सागर से तारनेवाला है, वे भगवान् श्री महावीर जिनेश्वर आप लोगों के हृदय में निर्मल (धर्म ग्रहण करनेवाली) बुद्धि को विस्तार करे।

**सूचीकटाहन्यायेन वक्तव्यासु बहूक्तिषु।**
**प्रथमं जीववैशिष्ट्यं धर्ममेव निरूप्यते ॥**
**धर्मार्थकाममोक्षाख्याश्चत्वारः पुरुषार्थकाः।**
**मनुष्याणां कृते पूर्वैर्धर्मविद्भिरुदाहृताः ॥**

'सूचीकटाह' न्याय से बहुत कहने योग्य विषयों में पहले जीव–विशिष्टत्वरूप धर्म का ही निरूपण किया जाता है।

तर्कवादियों के अनेक सिद्धान्तों के अन्दर 'सूचीकटाह न्याय' नामका भी एक सिद्धान्त है। इस के मानी यह है कि सूई और कडाह ये दोनों चीजें बनानी हैं, तो पहके सूई बना ली जाय या कडाह हा बनाया जाय? यह शंका हो सकती है। ऐसी शंका को निवारण करने के लिये तर्ककर्कश बुद्धिशाली न्यायशास्त्रविशारदोंने "सूचीकटाह न्याय"का सन्निवेश किया है। चुंकि इस विशाल विश्व प्रपञ्च में लाघव सभी जगह अपेक्षित है अतः पहले सूई का बनाना ही अच्छा होगा और बाद में कटाह का बनाना अच्छा होगा।

इसी लिये पहले सूची शब्दा का प्रयोग किया गया है और बाद में कटाह शब्द का। प्रत्यक्ष, अनुमान, उपमान और शाब्द (आगम) ये चार प्रकार के प्रमाण कहे गये हैं, इन प्रमाणों के द्वारा पदार्थों को अच्छी तरह देखने का नाम "न्याय" है। संस्कृतमें भो न्याय शब्द की व्युत्पत्ति इसी तरह है, जैसे––"प्रमाणैः अर्थपरीक्षणं न्यायः" इसका भावार्थ ऊपर के समान ही है, अतः सूचीकटाह न्याय से प्रथम धर्मका ही कुछ लक्षणादि कहा जाता है। क्यों कि प्रकृत निबन्ध में दान, शील, तप और भावना आदि के विषयमें बहुत कुछ कहना है। जीव मात्रमें किसी विशेषरूप से रहनेवाला धर्म है, इसी लिये धर्म को जीव-वैशिष्ट्य कहा गया है। मनुष्ययोनिके लिए तों इस लोकमें कल्पवृक्ष, चारु चिन्तामणि, मनवांछितदायक, सर्वथा उपास्य देव, सर्वस्व धर्म ही है। शास्त्रकारोंने भी प्राकृतिक साधारण धर्मों को अनेक जीवों में सामान्य दृष्टि से देखते हुये विशेष दृष्टिसे मानव जाति के विशेष धर्मको ही दर्शाया है।

**आहारनिद्राभयमैथुनं च सामान्यमेतत्पशुभिर्नराणाम्।**
**धर्मो हि तेषामधिको विशेषो धर्मेण हीना पशुभिः समानाः ॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



अर्थात्, भोजन, नींद, भय और मैथुन ये चारों प्रायः मनुष्य और पशु में समान ही हैं। तो क्या मनुष्य और पशु दोनों समान है? इसी प्रश्नके उत्तरमें उत्तरार्ध है कि मनुष्य और पशु में धर्म ही एक ऐसी विशेष वस्तु है, जो दोनों को कुछ कुछ अंशोमें एक क्रिया के होते हुये भी दो बनाती है, अतः मनुष्य हो कर भी जो धर्म से हीन है वह पशुके समान है अर्थात् नरपशु है। पशुका अर्थ है सबको अविशेष रूपसे देखनेवाला प्राणी। संस्कृत साहित्य में भी इसकी व्युत्पत्ति इसी तरह है—"सर्वं अविशेषेण पश्यतीति पशुः"। जब धर्म से हीन मनुष्य को पशु कहते हैं तो इसीसे यह सिद्ध हो गया कि मननशील (विचार करनेवालों) को मनुष्य कहते है, अथवा संस्कृत साहित्यमें इसको यों स्थान दे सकते हैं कि—"मन्—ज्ञाने, मन्यते इति मनुः, मनोरपत्यं पुमान् मनुष्यः अर्थात् सर्वं सविशेषेण पश्यतीति मननशीलो मनुष्यः।" सारांश यह निकला कि सम्यग् दर्शन का नाम धर्म है। धर्म के विशेष रूपसे लक्षण आगे कहेंगे। यह प्रथम श्लोककी विवेचना हुइ। दूसरे श्लोकमें चार प्रकारके पुरुषार्थ कहे गये हैं। प्रथम धर्म, दूसरा अर्थ, तीसरा काम और चौथा मोक्ष—ये चारों बातें पुरुष के प्रयोजन (जरूरत) की हैं अतः इसका नाम चार पुरुषार्थ अथवा पुरुषार्थचतुष्टय है। अर्थात् इस दुनियामें कोई भी ऐसा पुरुष न होगा जो इन चारोंमें किसी एकका सेवन न करता हो। कोई धर्मके लिये सर्वस्व समर्पण करता है तो कोई अर्थ के लिये प्राणके मोहको और प्रिय परिवार तकको भी छोड देता है तो कोई काम में अन्ध होकर बेशुध हो जाता है तो कोई मोक्षके लिये विश्व के विभव—लौकिक ऐश्वर्य को तृणके समान जानता हुआ परम पद का जिज्ञासु होता है। कहनेका मतलब यह कि मनुष्य उपर्युक्त चारों प्रयोजनोंमें से किसी न किसी एक प्रयोजन में अवश्य ही रहता है। हां, यह दूसरी बात है कि किसी में अधिकतर एक ही रहता, किसी में दो और किसी में तीन की भी न्यूनाधिकता देखी जाती है। और ये धर्मादिक चारों प्रयोजन मनुष्य के ही लिये कहे गये है, क्यों कि मनुष्यके अतिरिक्त प्राणीमें ये चारों के चारों किसी तरह भी लागू नहीं हो सकते हैं। अतः धर्मके मर्मको जाननेवाले विदुरदर्शी ऋषि मुनियोंने मनुष्य के लिये धर्म, अर्थ, काम और मोक्ष ये चार प्रयोजन बतलाये हैं। यह दूसरे श्लोक का सारांश निकला। फिर—

**तत्र सर्वप्रधानं हि शश्वत्कल्याणमन्दिरम्।**
**कैवल्यं केवलिप्राप्तं सन्तः प्रोचुः सुदुर्लभम्॥**

**परं सुदुर्लभस्यापि मोक्षस्य प्राप्तिरिष्यते।**
**धर्मेणैव तथार्थस्य कामस्य च सुखेन हि॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



उन चारों धर्मादिक प्रयोजनो में सर्व प्रधान कैवल्य ( मोक्ष ) ही है, वह कैवल्य ( परमपद ) शश्वत्कल्याणका मन्दिर ह और वह मोक्षपद केवलियों कि कृपा से प्राप्त होता है वा सर्वज्ञ होने पर ही मोक्ष पदकी प्राप्ति होती है। वस्तुतत्त्वदर्शी संत, मुनि, महात्मा उस मोक्ष पद को अत्यन्त दुर्लभ बतलाते हैं।

यहां मोक्ष को चारों पदार्थों में प्रधान माना जाता है और यह सर्वथा युक्त है। क्यों कि दुनिया में जितनी भी प्रवृत्तियां हैं किसी न किसी रूपमें किसी के सुख के लिये ही हैं, किन्तु जिनते भी सांसारिक सुख हैं प्रायः सभी नाशवान् है अस्थिर हैं। सांसारिक सभी सुखों में राग द्वेष रहता है इस लिये ये सुख सच्चे सुख नहीं; किसी समय दुःख के कारण हो जाते हैं। वास्तविक सुख तो वह है जो हमेंशा एक रस में रहनेवाला है अविनाशी है। इसी लिये मोक्षको सर्वप्रधान कहा गया है। उस कैवल्य पदको मुनियोंने अत्यन्त दुर्लभ कहा है, क्यों कि एक देश विशेष के कारावास से, जहां कि जेलर आदि का विशेष प्रबन्ध रहता है, निकलना कठिन है तो फिर इस अनन्त संसाररूप महाकारावाससे, जहां कि कर्मफल रूप जेलखाने के असंख्य पहेरेदार सिपाही दिन रात खड़े रहते हैं निकलना असंभव नहीं तो महाकठिन और अत्यन्त दुर्लभ अवश्य है। वह मोक्षपद केवली ( भगवान ) की कृपासे प्राप्त किया जा सकता है वा केवलपनेसे प्राप्त हो सकता है किंवा केवलीके द्वारा प्राप्त किया जाता है। केवलका मतलब है अनन्य—मुख्य—एक, उससे दूसरा कोई नहीं ऐसा। और जिसमें केवलपना है वह केवली कहलाता है। अर्थात् वह सर्वोपरि एक ही ज्ञानी है उससे परे ज्ञानी कोई नहीं है इस लिये उसका नाम केवली है। इसी तरह वह सर्वोपरि एक ही सम्यग्दर्शी है इसी लिये उसका नाम केवली है, और कोशादिकों में केवल शब्द का कृत्स्न ( समग्र ) भी पर्याय है इसी लिये केवली को सर्वज्ञ भी कहते है; ज्ञान का अनन्तत्व होने से ज्ञेय अल्प हो जाता है इस लिये उस केवली ( भगवान् ) को सर्वज्ञ कहते है। उस सर्वज्ञ प्रभु —केवली को " अणोरणीयान् महतो महीयान् " यानी सूक्ष्म से भी सूक्ष्म और स्थूल से भी स्थूल कालका बोध रहता है इस लिए उमे त्रिकालाबाधितबोध वीतराग सर्वज्ञ आदि नाम से सभ्य लोग पुकारते हैं। उपर्युक्त विशेषणयुक्त सुदुर्लभ मोक्षकी भी प्राप्ति धर्मसे ही होती है तथा अर्थ (धन) और काम इन दोनोंकी भी प्राप्ति धर्मसे ही अच्छी तरह सुखपूर्वक होती है, इसलिये धर्मका महत्त्व उच्चतम है। वास्तवमें इस असार संसारमें धर्मके समान श्रेष्ठ और सची सहायक कोई चीज नहीं है। धर्म ही लोगोंकी विपत्तियोंमें सचा सहायक होकर दुःखको दूर करता है, धर्म हो सच्चा मित्र है, और धर्म ही माता—पिताके समान सच्चा पालक और रक्षक है। संसारके सभी सम्बन्धो सभी पदार्थ इस नश्वर शरीरके साथ यहीं रह जाते हैं, किन्तु धर्म जन्मान्तरमें भी जीवके साथ जाता है और अपने पुण्यप्रभावसे विपत्तिको हटाकर जीवोंको सुख शान्तिका प्रदान करता है। शास्त्रकारोंने भी कहा है कि—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**धनानि भूमौ पशवश्च गोष्ठे भार्या गृहद्वारि जनाः श्मशाने ।**
**देहश्चितायां परलोकमार्गे धर्मानुगो गच्छति जीव एकः ॥**

धन पृथिवी पर पडे रह जाते हैं, पशु गोष्ठ ( पशुस्थान )में रह जाते हैं, स्त्री घरके द्वार पर रह जाती है, लोग (सम्बन्धी) श्मशानमें रह जाते हैं, देह चितामें जल जाता है, ये सबके सब ज्योंके त्यों यहीं रहते हैं लेकिन धर्म परलोकमें भी जीवके साथ जाता है ।

इसी तरह धर्मके महत्त्वको वर्णन करते हुये एक धर्ममर्मज्ञ कवि कहते हैं कि—

**न जातु कामान्न भयान्न लोभाद् धर्मं जहेज्जीवितस्यापि हेतोः ।**
**धर्मो नित्यः सुखदुःखे त्वनित्ये जीवो नित्यो हेतुरस्य त्वनित्यः ॥**

कामसे या भयसे वा लोभसे वा जीवनके लिये भी किसी समयमें किसी तरह भी धर्मको नहीं छोड़ना चाहिये, क्योंकि धर्म नित्य है और काम क्रोध लोभ मोह आदिसे उत्पन्न सुख दुःख अनित्य हैं तथा जीव नित्य है यार इस जीवका कारण (कर्मफल) अनित्य है । सारांश यह निकला कि जीव और धर्म ये नित्य हैं और काम क्रोधादिसे उत्पन्न सांसारिक सुख दुःख अनित्य हैं । ( क्रमशः )

# नडियादके प्रतिमालेखोंके स्पष्टीकरणकी कुछ भ्रामक बातें

लेखकः—श्रीयुत अगरचंदजी नाहटा

'श्री जैन सत्य प्रकाश'के गत अंक (क्रमांक १२५)में नडियादके प्रतिमालेखोंके सम्बन्धमें स्पष्टीकरण करते हुए वैद्यजीने कई गलत अनुमान किये हैं उनपर प्रकाश डालना आवश्यक समझकर कुछ संशोधन उपस्थित करता हूं, आशा है उससे गलतफहमियां दूर होंगी ।

१. नागेन्द्रगच्छके साथ नागद्रह ग्राम एवं नागर ज्ञातिका कोई सम्बन्ध नहीं है ।

२. सिद्धसेनसूरि सिद्धसेन दिवाकरसे भिन्न प्रतीत होते हैं; इनकी एकताके लिए अन्य प्रमाण अपेक्षित हैं ।

३. रुद्रपल्लीय गच्छकी आचार्यपरम्पराका सं. १६८५ तक होनेका व भावतिलकसूरि आचार्यका नाम बतलानेका आधार क्या है? वैद्यजी इस पर प्रकाश डालें ।

४. 'अमरकोश'को आगमगच्छीय अमरसिंहसूरि (सं. १४७५)की कृति बतलाना सर्वथा ऐतिहासिक सत्यसे विपरीत है, 'अमरकोश' बहुत प्राचीन ग्रन्थ है । उसके निर्माता अमरसिंह भिन्न ही हैं ।

लेखकका 'सुमतिनाथ सत्यदेव प्रबन्ध' कहां प्रकाशित है?

६. श्री श्रीवंशको प्राचीन लिच्छवी उर्फे हैहयवंशसे सम्बन्धित बतलाना भी सही नहीं है । लेखमें निदर्शित श्रीश्रीवंश मेरे नम्र मतानुसार अंचलगच्छके आचार्योंसे सम्बन्धित है एवं १५ वीं शताब्दिसे ही प्रकाशमें आया है, जैसाकि वैद्यजी बतलाते हैं । यह वंश इतना प्राचीन होता तो कहीं तो इसका प्राचीन उल्लेख पाया जाता, पर उसका सर्वथा अभाव है ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

( ટાઇટલ બીજા પાનાનું અનુસંધાન )

आराधिता जिना देवा भावतो गुरवोऽपि यैः । सात्त्विको जैनधर्मश्च तेषां मृत्योर्भयं कथम् ? ।२७।
पंचापि विषयास्त्यक्ताः कषाया यैर्विरागिभिः । क्षामिताः सकला जीवा भाविता भावनाः शुभाः ।
जिनागमाः समभ्यस्ताः विधिना गुरुसंनिधौ । तत्प्रधानप्रयोगा ये तेषां मृत्योर्भयं कथम् ? ।२९।
सत्पात्रेभ्यो ददानानां दानं सद्ब्रह्मचारिणाम् ।तपस्यासाम्ययोगानां तेषां मृत्योर्भयं कथम् ? ।३०।
उद्दिश्यात्मानमाचारसाधनाऽध्यात्ममीरितम् । तत्र निश्चलचित्तानां तेषां मृत्योर्भयं कथम् ? ।३१।
धर्मकर्त्ता गुरुर्वैद्यः धर्मज्ञो धर्मदेशकः । सदौषधं मोक्षमार्गसाधना ज्ञानपूर्विका ।३२।
पथ्यं सद्भावना योगात् त्रयाणां च प्रणश्यति । भावामयो मिलन्तु मे त्रये एते भवे भवे ।३३।
( युग्मम् )

श्रुताभ्यासो नतिर्देवे सत्कथाचार्यसंगतिः । दोषप्रकाशने मौनं प्रियावागात्मभावना ।३४।
वैराग्यं गुणदृष्टिश्च विंशतिस्थानसेवना । अंतराऽभवेष्वेते संपद्यन्तां भवे भवे ।३५।
आत्मवादादिभिस्तत्त्वैर्जयति जिनशासनम् । उत्कृष्टं सर्वधर्मेषु साधकाः संतु निर्मलाः ।३६।
निर्लेपाः पद्मवज्जाता अनंता अधुनाङ्गिनः । भवन्ति च भविष्यंति जैनधर्मस्य साधनात् ।३७।
जैनधर्मो रत्नतुल्यो धर्माश्चान्ये न तादृशाः । यथार्थकरणं जैने धर्मेऽन्यत्रैव भाषणम् ।३८।
जैनधर्मरताः सर्वे भवन्तु सुखिनः सदा । मैत्रीप्रमोदकारुण्यसन्माध्यस्थ्यान्वितास्तथा ।३९।
मंगलं तीर्थराजो मे मारुदेवप्रभुस्तथा । शांतिनेमिपार्श्ववीराः देवाः कुर्वन्तु मंगलम् ।४०।
वर्षेऽत्र वैक्रमे श्रेष्ठे निधिनंदनवेन्दुगे । फाल्गुने सितपञ्चम्यां ग्रामे बोटादनामनि ।४१।
नेमिसूरीशशिष्येण कृतेयं पद्मसूरिणा । लक्ष्मीप्रभस्य विज्ञप्त्या श्रीतत्त्वामृतभावना (युग्मम्) ।४२।

મુનિ શ્રીહર્ષવિજયજીવિરચિત

## શીલની સજઝાય

સંગ્રહક-પૂજ્ય મુનિમહારાજ શ્રીરમણિકવિજયજી

તે બલિઓ ભાઈ તે બલિઓ, જે વિષય કષાય નવિ છલિઓ રે. ( આંકણી )
સુમતિ ગુપતિ સુદ્ધી પરિપાલિ, દોષ બિતાલિસ ટાલઈ રે;
આપિ આપ સરૂપ નિહાલિ, અષ્ટ મહામદ ગાલિ રે. તે બલિઓ. ૧
શીયલ ધારિ કાયા અજુઆલિ, નારી અંગ ન ભાલિ રે;
સદ્દગુરૂ આપિ શીખ સંભાલઈ, તે સહી પાપ પખાલઇ રે. તે બલિઓ. ૨
આપિ આપ છતા ગુણ ગોપઈ, ગાલઇ દીન વિકોપિ રે;
ઉત્તમ કુલની રીત ન લોપઇ, પુરૂષ રયણ તે ઓપિ રે. તે બલિઓ. ૩
ઊવટ જાતા જે મન વાલિઈ, તપહ તપી કર્મ બાલઈ રે;
ન્યાય ભણિ જે મારગિ ચાલઈ, મુક્તિ જઇ તે માહાલઈ રે. તે બલિઓ. ૪
જે નરનારી વિષય નિવારી, આપિ આપ સંભારી રે;
શીલ પાલઈ તેહની બલિહારી, હર્ષવિજય હિતકારિ રે. તે બલિઓ. ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




# દરેકે વસાવવા યોગ્ય

## શ્રી જૈન સત્ય પ્રકાશના ત્રણ વિશેષાંકો

**(૧) શ્રી મહાવીર નિર્વાણ વિશેષાંક**

ભગવાન મહાવીરસ્વામીના જીવન સંબંધી અનેક લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય છ આના (ટપાલખર્ચનો એક આનો વધુ).

**(૨) દીપોત્સવી અંક**

ભગવાન મહાવીરસ્વામી પછીનાં ૧૦૦૦ વર્ષ પછીનાં સાતસો વર્ષના જૈન ઇતિહાસને લગતા લેખોથી સમૃદ્ધ સચિત્ર અંક: મૂલ્ય સવા રૂપિયો.

**(૩) ક્રમાંક ૧૦૦ : વિક્રમ–વિશેષાંક**

સમ્રાટ્ વિક્રમાદિત્ય સંબંધી ઐતિહાસિક ભિન્નભિન્ન લેખોથી સમૃદ્ધ ૨૪૦ પાનાંનો દળદાર સચિત્ર અંક: મૂલ્ય દોઢ રૂપિયો.

## શ્રી જૈન સત્ય પ્રકાશના બે વિશિષ્ટ અંકો

**[૧] ક્રમાંક ૪૩–જૈનદર્શનમાં માંસાહાર હોવાના આક્ષેપોના જવાબરૂપ લેખોથી સમૃદ્ધ અંક: મૂલ્ય ચાર આના.**

**[૨] ક્રમાંક ૪૫–ક. સ. શ્રી હેમચંદ્રાચાર્યના જીવન સંબંધી અનેક લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય ત્રણ આના.**

## કાચી તથા પાકી ફાઇલો

'શ્રી જૈન સત્ય પ્રકાશ'ની ત્રીજા, ચોથા, પાંચમા, આઠમા, દસમા વર્ષની કાચી તથા પાકી ફાઇલો તૈયાર છે. મૂલ્ય દરેકનું કાચીના બે રૂપિયા, પાકીના અઢી રૂપિયા.

## ભગવાન મહાવીરસ્વામીનું ત્રિરંગી ચિત્ર

ગુજરાતના સુપ્રસિદ્ધ ચિત્રકાર શ્રી કનુભાઈ દેસાઈએ દોરેલું સુંદર ચિત્ર. ૧૦"x૧૪"ની સાઈઝ, સોનેરી બોર્ડર. મૂલ્ય ચાર આના ( ટપાલ ખર્ચનો દોઢ આનો ).

—લખો—

**શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ**
**જેશિંગભાઈની વાડી, ઘીકાંટા, અમદાવાદ.**


મુદ્રકઃ–મગનભાઈ છોટાભાઈ દેસાઈ. શ્રી વીરવિજય પ્રીન્ટીંગ પ્રેસ, સલાપોસ ક્રોસરોડ, પો. બો. નં. ૬ શ્રી ભક્તિમાર્ગ કાર્યાલય–અમદાવાદ. પ્રકાશકઃ–ચીમનલાલ ગોકળદાસ શાહ. શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ કાર્યાલય, જેશિંગભાઈની વાડી, ઘીકાંટા રોડ–અમદાવાદ.

For Private And Personal Use Only